RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

# NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 246* Date: 03.07.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬ લાખને પાર

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૯,૧૪૮ નવા કેસ, ૪૩૪ના મોત

નવી દિલ્હી,તા.૨

કોરોના વાયરસના સંક્રમણનો વ્યાપ દેશમાં સતત વધી રહ્યો છે. છેલ્લા ઘણા દિવસથી રોજના ૧૮ હજારથી વધુ પોઝિટિવ કેસો સામે આવી રહ્યા છે. ગુરુવાર સવારે પણ જાહેર થયેલા આંકડાઓ મુજબ, ભારતમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૧૯,૧૪૮ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. ચિંતાજનક બાબત એ છે કે, છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના કારણે ૪૩૪ દર્દીઓએ પોતાનાં જીવ ગુમાવ્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના ૬ લાખ ૦૪ હજાર ૬૪૧ કન્ફર્મ કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના દ્વારા જાહેર થયેલા આંકડા મુજબ, ભારતમાં કોરોના વાયરસના હવે ૨ લાખ ૨૬ હજાર ૯૪૭ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી દેશભરમાં ૧૭,૮૩૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. બીજી તરફ, ૩ લાખ ૫૯ હજાર ૮૬૦ લોકો સાજા પણ થઇ ચૂક્યા છે. બીજી તરફ, ગુજરાતમાં બુધવાર સાંજે જાહેર થયેલા આંકડાઓ મુજબ, ૨૪



કલાકમાં ૬૭૫ નવા કેસ નોંધાયા છે જ્યારે ૨૧ દર્દીનાં મોત થયા છે. કોરોના વાયરસના કારણે રાજ્યમાં સૌથી ગંભીર સ્થિતિ અમદાવાદ અને સુરતની છે. અમદાવાદ શહેર અને જિલ્લાના મળીને ૨૧૫ કેસ નોંધાયા છે જ્યારે સુરતના ૨૦૧ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૭૪૧૧ છે. અમદાવાદમાં ૨૧૫, સુરતમાં ૨૦૧, વડોદરામાં ૫૮, નવસારીમાં ૨૪, જામગનર શહેરમાં ૧૫, ભરૂચમાં ૧૫, વલસાડમાં ૧૫, બનાસકાંઠામાં ૧૨, સુરેન્દ્રનગરમાં ૧૨, મહેસાણામાં ૧૦, રાજકોટ શહેરમાં ૯, કેડામાં ૯, ગાંધીનગરમાં ૮, આણંદમાં ૮, જૂનાગઢ શહેરમાં ૭, રાજકોટ જિલ્લામાં ૬, પંચમહાલમાં ૫, સાબરકાંઠામાં ૫, મોરબીમાં ૪, ભાવનગરમાં ૩,અરવલ્લીમાં, કચ્છ, ભાવનગર જિલ્લો, અમરેલી, જામગનર જિલ્લામાં ૩-૩૬ કેસ નોંધાયા છે. જ્યારે પાટણ, મહીસાગર, બોટાદ, દાહોદ , છોટાઉદેપુરમાં ૨-૨ અને નર્મદામાં અને ગીરસોમનાથમાં ૧-૧ મળી કુલ ૬૭૫ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં કોરોના વાયરસના કારણે ૨૪ કલાકમાં ૨૦ દર્દીનાં મોત થયા છે જેમાં અમદાવાદમાં ૮, સુરતમાં ૪, રાજકોટમાં ૧, સુરતમાં ૧, ભરૂચમાં ૧. અરવલ્લી, બનાસકાંઠા, ખેડા, અમરેલી, દાહોદ, દેવભૂમિ દ્વારકામાં ૧ એમ કુલ ૨૦ દર્દીનાં મોત થયા છે. રાજ્યમાં ૭૪૧૧ એક્ટિવ કેસ છે, જે પૈકીના ૬૩ વેન્ટીલેટર પર છે. અમદાવાદમાં સતત કેસમાં ઘટાડોઃ દરમિયાન રાજ્યના આર્થિક પાટનગર અમદાવાદમાં કેસની સંખ્યા ઘટી રહી છે. અમદાવાદમાં સતત ૯માં દિવસે કેસમાં ઘટાડો નોંધાયો છે. સતત ૯મા દિવસે ૨૫૦થી ઓછા કેસઃ નવા ૨૧૫ કેસ સાથે કુલ પોઝિટિવ ૨૧,૧૨૮ કેસ, ૮ના મોત થતા મૃત્યુઆંક ૧૪૪૯ થયો છે. જોકે, તેની સામે સુરતમાં સતત ૨૦૦ કે તેથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે જેના કારણે અમદાવાદ બચાવવા જતા સુરત ગુમાવવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

### રાજભવનમાં કાર્યકારી રાજ્યપાલ આનંદીબેન પટેલે શપથ લેવડાવ્યાં

# શિવરાજ કેબિનેટનું વિસ્તરણઃ ૨૮ નવા મંત્રીને સ્થાન

ભોપાલ,તા.૨

મધ્યપ્રદેશમાં સીએમ શિવરાજ સિંહ ચૌહાણના મંત્રીમંડળનું આજે વિસ્તરણ થયું હતું. પ્રભારી રાજ્યપાલ આનંદીબેન પટેલે રાજભવનમાં મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા. જેમાંથી ૨૦ કેબિનેટ મંત્રી અને ૮ રાજ્ય મંત્રી સામેલ છે. જેમાં ગોપાલ ભાર્ગવ, વિજય શાહ, યશોધરા રાજે સિંધિયા સહિત અનેક મોટા નેતા સામેલ છે. ૧૧ સિંધિયા સમર્થકોને રાજકિય વફાદારીના બદલામાં કેબિનેટમાં સ્થાન મળ્યું છે.

બીજેપી નેતા યશોધરા રાજે સિંધિયા અને ભૂપેન્દ્ર સિંહે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતી. હરસૂદ વિધાનસભાથી સાત વખત ધારાસભ્ય પહેલા વિજય શાહ ઉપરાંત રહલી વિધાનસભા સીટના ગોપાલ ભાર્ગવે પણ શપથ લીધા હતા.

ગોપાલ ભાર્ગવ, વિજય શાહ,જગદીશ દેવડા, બિસાહૂલાલ સિંહ,યશોધરા રાજે સિંધિયા, ભૂપેન્દ્ર સિંહ, એન્દલ સિંહ કંસાના અને બૃજેન્દ્ર પ્રતાપ સિંહે કેબિનેટ મંત્રી પદના લીધા છે. વિશ્વાસ સારંગ, ઈમરતી દેવી, પ્રભુરામ ચૌધરી, પ્રધ્યુમન સિંહ તોમાર, ઓમ પ્રકાશ સકલેચા, ઉષા ઠાકુર,પ્રેમ સિંહ પટેલ, હરદીપ સિંહ ડંગ, અરવિંદ સિંહ ભદૌરિયા, ડો. મોહન યાદવ અને રાજ્યવર્ધન સિંહે પણ કેબિનેટ મંત્રી પદના શપથ લીધા હતા.

ત્યાર પછી ભારત સિંહ કુશવાહ, ઈન્દર સિંહ પરમાન, રામખિલાવન પટેલ, રામકિશોર કાંવરે, બૃજેન્દ્ર સિંહ યાદવ અને ગિર્રાજ દંડોદિયાએ રાજ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. કાર્યક્રમ પહેલા શિવરાજે રાજ્યપાલ આનંદીબેન પટેલને ૨૦ કેબિનેટ અને ૮ રાજયમંત્રીની યાદી સોંપી હતી.જૂના ચહેરાઓમાં પારસ જૈન, ગૌરીશંકર બિસેન, રામપાલ સિંહ, રાજેન્દ્ર શુક્લા, સંજય પાઠક, જાલમ સિંહ પટેલ અને સુરેન્દ્ર પટવા અંગે સહમતિ બની શકા નહોતી.

કેન્દ્રીય નેતૃત્વ તરફથી મળેલા આદેશો સાથે પ્રદેશ પ્રભારી વિનય સહસ્ત્રબુદ્ધે બુધવારે ભોપાલ પહોંચ્યા હતા. ત્યારબાદ સીએમ નિવાસમાં મુખ્યમંત્રી, પ્રદેશ અધ્યક્ષ વીડી શર્મા, પ્રદેશ પ્રભારી



સહસ્ત્રબુદ્ધે અને સંગઠન મહામંત્રી સુહાસ ભગત વચ્ચે તમામ ગુંચવાડા અંગેની વાત થઈ હતી. મોડી રાતે મંત્રી બનાવાઈ રહેલા તમામ લોકોને ફોન કરવામાં આવ્યા હતા. રાજેન્દ્ર શુક્લા, ગૌરીશંકર બિસેન અને સંજય પાઠક પર સહમતિ નહોતી બની હતી, મોડી રાતે તેમને સીએમ હાઉસ બોલાવ્યા હતા. રાજેન્દ્ર પાંડે પણ દાવેદારી કરી રહ્યા હતા. તેમની સાથે પણ સહસ્ત્રાબુદ્ધેએ વાત કરી હતી. પાર્ટી સૂત્રોનું કહેવું છે કે પહેલા વિચાર હતો કે મંત્રીમંડળની સંખ્યા સીમિત રાખવામાં આવે, પરંતુ ૨૮ મંત્રી બનાવાયા અને પાંચ મંત્રી પહેલાથી છે હવે પછી મંત્રીમંડળમાં માત્ર એક પદ જ ખાલી રહેશે.મપ્રમાં વિધાનસભા બેઠકોને ધ્યાનમાં રાખતા સીએમ સાથે ૩૪ મંત્રી જ બનાવી શકાય છે. નોંધનીય છે કે, જ્યોતિરાદિત્ય સિંધિયા સમર્થક છ મંત્રીઓ સહિત ૨૨ ધારાસભ્યોએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ ૨૦ માર્ચે કમલનાથે રાજીનામું આપવું પડ્યું હતું અને ૧૫ મહિનામાં જ કોંગ્રેસ સરકારનું પતન થયું હતું. શિવરાજે ૨૩ માર્ચે મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. કોરોના વાયરસ મહામારી અને લૉકડાઉન દરમિયાન આશરે એક મહિના સુધી તેમણે એકલા જ સરકાર ચલાવી હતી.

### ચીન પર અમેરિકાના નવેસરથી આકરાં પ્રહારો

# ભારત અને અન્ય દેશો સામે આક્રમક વલણ દર્શાવી ચીને તેની અસલિયતનો પુરાવો આપ્યો

વોશિંગ્ટન,તા.૨

અમેરિકાએ ફરી એક વાર ચીન પર પડોશી દેશોને ધમકાવવાનો આરોપ લગાવ્યો છે. બુધવારે સાંજે વ્હાઈટ હાઉસની પ્રેસ સેક્રેટરી કૈલી મેકનેનીએ કહ્યું- રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે, ચીન માત્ર ભારત સામે નહીં પરંતુ અન્ય દેશો સામે પણ આક્રમક વલણ દેખાડી રહ્યું છે. તે અહીંની કોમ્યુનિસ્ટ પાર્ટી અને સરકારના અસલી ચહેરાનો પુરાવો છે.

થોડા દિવસ પહેલાં જ વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ કહ્યું હતું કે, અમેરિકા યુરોપમાંથી સૈનિક ઓછા કરીને તેમને એશિયામાં તહેનાત કરશે જેથી તેઓ ચીન સાથે મુકાબલો કરી શકે. જોકે ચીને અત્યાર સુધી આ નિવેદન સામે કોઈ પ્રતીક્રિયા આપી નથી.

ભારત અને ચીન વચ્ચે લદ્દાખમાં તણાવ વધી રહ્યો છે. બંને દેશોએ અહીં સૈન્યમાં વધારો કર્યો છે. વ્હાઈટ હાઉસે કહ્યું- અમેરિકાની અત્યારે ભારત અને ચીન વચ્ચેના તણાવ પર કડક નજર છે. અમે બંને દેશો સાથે એ આશા રાખીએ છીએ કે, આ મુદ્દે શાંતિપૂર્ણ ઉકેલ લાવે. સાત સપ્તાહથી ચાલતા તણાવને સામાન્ય ન ગણવો જોઈએ.

મેકનેનીએ કહ્યું, વાત માત્ર ભારત અથવા એશિયાની નથી. દુનિયાના અન્ય દેશોમાં પણ ચીને તેમનું વલણ આવું જ રાખ્યું છે. તેને નજર અંદાજ ન કરી શકાય. તેથી અમેરિકા માને છે કે ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી અને સરકારનો આ અસલી ચેહરો છે. આ પહેલાં સંસદમાં ચર્ચા દરમિયાન ઘણાં સાંસદોએ ભારત વિરુદ્ધ ચીનના વલણ પર ચિંતા વ્યક્ત કરી હતી.

અમેરિકન કોંગ્રેસની ઈન્ટેલિજન્સ કમિટીના ચેરમેન એડમ શિફે કહ્યું- ચીને ગયા મહિને ભારતીય સૈનિકો સાથે હિંસા કરી હતી. ઘણાં ભારતીય સૈનિકો શહીદ થયા. ચીનને પણ ઘણું નુકસાન થયું છે પરંતુ તે તેણે દુનિયાથી છુપાવ્યું છે. કોવિડ-૧૯ મહામારીથી પરેશાન દેશોનો ચીન ફાયદો ઉઠાવી રહી છે

### બ્રાઝીલમાં અત્યાર સુધીમાં ૬૦ હજાર લોકોના મોત

# અમેરિકામાં ૨૪ કલાકમાં ૫૨ હજાર કેસ નોંધાયા, વિશ્વભરમાં કોરોનાના ૧.૮ કરોડ કરતાં વધારે કેસ નોંધાયા

**વિશ્વભરમાં કોરોનાના ૧.૮ કરોડ કરતાં વધારે કેસ, કુલ ૫.૧૯ લાખ લોકોના મોત**

ન્યૂયોર્ક,તા.૨

અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના લીધે ૫૨(બાવન) હજાર કેસ નવા સામે આવ્યા હતા.જોન્સ હોપ્સીંગ યુનીવર્સીટીના જણાવ્યા અનુસાર, અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૨ હજાર નવા કેસ નોધાયા છે.અમેરિકામાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૭ લાખ ૩૧હજાર ૨૫૫ કેસ સામે આવ્યા છે અને ૧લાખ ૩૦હજાર ૧૩૪ મોત થયાં છે. જેના લીધે ટ્રમ્પ સરકાર ચિંતિત બની છે.

વિશ્વભરમાં કોરોના સંક્રમણના અત્યાર સુધીમાં ૧ કરોડ ૮ લાખ ૧૧ હજાર કેસ નોંધાયા છે. જેમા ૫.૧૯ લાખ લોકોના મોત થયા છે. ૬૦.૩૪ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.

અમેરિકામાં ૨૭.૮૦ લાખ કેસ નોંધાયા છે. ૧ લાખ ૩૦ હજાર ૭૯૮ લોકોના મોત થયા છે. ૧૧.૬૫ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૫૨ હજાર કેસ નોંધાયા છે. બ્રાઝીલમાં ૧૪.૫૩ લાખ કેસ નોંધાયા છે અને ૬૦ હજાર ૭૧૩ લોકોના મોત થયા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે કહ્યું હતું કે સ્થિતિ એવી હશે તો માસ્ક પહેરવામાં કોઈ પરેશાની નથી. હેલ્થ એક્સપર્ટ ડો. એન્થની ફૌસીએ મંગળવારે કહ્યું હતું કે નિયમોનું કડકાઈથી પાલન ન કર્યું તો અમેરિકામાં દરરોજ એક લાખ કેસ નોંધાશે.

બ્રાઝીલમાં ૨૪ કલાકમાં ૪૬ હજાર ૭૧૨ કેસ નોંધાયા છે અને ૧૦૩૮ લોકોના મોત થયા છે. આ સાથે અહીં ૧૪.૫૩ લાખ કેસ નોંધાયા છે અને ૬૦ હજાર ૭૧૩ લોકોના મોત થયા છે.

મેક્સિકોમાં ૨૪ કલાકમાં ૫૬૮૧ કેસ નોંધાયા છે અને ૭૪૧ લોકોના મોત થયા છે. અહીં સંક્રમિતોની સંખ્યા ઈરાનથી વધારે નોંધાઈ છે. સૌથી વધારે સંક્રમિત ૧૦ દેશમાં તેનો સમાવેશ થયો છે. અહીં કુલ ૨.૩૧ લાખ કેસ નોંધાયા છે અને ૨૮ હજાર ૫૧૦ લોકોના મોત થયા છે.

દરમ્યાન,ન્યૂઝીલેન્ડના સ્વાસ્થ્ય મંત્રી ડેવિડ ક્લાર્કે કોરોના વાઈરસને લઈને સરકારની પ્રતિક્રિયા અને લોકડાઉન નિયમોના ઉલ્લંઘન કરવાની ટિક્કા પછી રાજીનામુ આપી દીધું છે. તેઓ લોકડાઉન દરમિયાન પરીવાર સાથે બીચ ઉપર ગયા હતા. દેશમાં અત્યાર સુધીમાં ૧૫૨૮ કેસ નોંધાયા છે અને ૨૨ લોકોના મોત થયા છે.

# મુકુલ રોહતગી અને અભિષેક મનુ સિંઘવીએ ટીકટોકનો કેસ લડવાથી કર્યો ઈનકાર

નવી દિલ્હી,તા.૨

ટિકટોક પર પ્રતિબંધ મૂક્યા બાદ તેમનો કેસ લડવા માટે કોઈ વકીલ તૈયાર થઈ રહ્યા નથી. દેશના જાણીતા બે વકીલે ટિકટોકનો કેસ લડવાની ચોખ્ખી ના પાડી દીધી. પૂર્વ એટોર્ની જનરલ અને સીનિયર એડવોકેટ મુકુલ રોહતગી પછી હવે સીનિયર કોંગ્રેસ લીડર અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ પણ કેસ લડવાની ના પાડી દીધી. ટિકટોક સહિત ૫૯ ચાઈનીસ એપ પર સરકારે ૨૯ જૂનના રોજ પ્રતિબંધ મૂકી દીધો. બંને વકીલોએ કહ્યું કે તેઓ સરકારના નિર્ણય સામે ટિકટોકનો કેસ નહીં લડે.

પૂર્વ એટોર્ની જનરલે કહ્યું કે, 'હાલની સ્થિતિ જોતા કોઈ પણ ચીનની કંપની તરફથી વકીલાત કરવી યોગ્ય નથી.' રોહતગી દેશના ટોપ વકીલોમાંથી એક છે. કોંગ્રેસ નેતા સિંઘવી એક વર્ષ પહેલા ટિકટોકનો કેસ લડ્યા હતા. ત્યારે તેમણે કંપનીને જીત પણ અપાવી હતી. હાઈકોર્ટની મદુરાઈ બેંચે ગત વર્ષે ૨૪ એપ્રિલે ટિકટોક પર લગાવેલો પ્રતિબંધ હટાવી લીધો હતો.

પૂર્વ લદ્દાખમાં ચીનની સૈન્ય કાર્યવાહી બાદ વિરોધના ભાગરુપે ભારત સરકાર દ્વારા ચીનની ૫૯ એપને પ્રતિબંધિત કરવાનું પગલું ભલે નાનું લાગી રહ્યું હોય પરંતુ ઉચ્ચસૂત્રોના જણાવ્યા મુજબ આ પગલુ ચીનના એ પ્રયાસ પર સૌથી મોટો પ્રહાર છે જેના દ્વારા ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીની સ્ટ્રેટેજી માટે ભારતીય યુઝર્સનો ડેટા ભેગો કરી અને તેનો ઉપયોગ દેશમાં રાજકીય ઉથલપાથલ અને ભારતની સૈન્ય જાણકારી ભેગી કરવા માટે કરવાનો હેતું હતો.

આ નિર્ણય ચીનને ભારતના સિવિલિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટલિજન્સ જેવા ક્ષેત્રોથી દૂર રાખવાના મૂળભૂત હેતુ સાથે લેવામાં આવ્યો છે. જે ચીનની મિલિટ્રી-સિવિલિયન ફયુઝન સ્ટ્રેટેજીને નકારવાનો પ્રયાસ છે. મહત્વનું છે કે ચીની કંપનીની માલિકીની એપ ટીકટોક અને યુસી બ્રાઉઝર પર દુનિયાભરમાં આરોપ લાગતા રહ્યા છે કે તેઓ ચીનની સરકારની સ્ટ્રેટેજી નક્કી કરવા અને તેમની સ્ટ્રેટેજીને લોકો વચ્ચે સાચી ઠેરવવા માટે મોટાપાયે ડેટા માઈનિંગ દ્વારા મદદ કરે છે.

આ ડેટાનો ચીન રાજકીય અને મિલિટ્રી યુઝ કરે છે. તાજેતરમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની એક રેલીના રજિસ્ટ્રેશનની પ્રક્રિયાને ટીકટોક બોટ્સ દ્વારા હાઈજેક કરવામાં આવી હતી જે બાદ ભારત પણ સાવચેત થઈ ગયું છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૬૮૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૩૯૯૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૫૬૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૬૦૧**

## તંત્રી સ્થાનેથી...

# ચાઈનીઝ એપ બેન : સુરક્ષા પર ખતરો

લદાખમાં ચીન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતે ચીનની ૫૯ એપ્લિકેશન પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ એપ્સમાં ખૂબ જ લોકપ્રિય ટિકટૉક એપ પણ સામેલ છે. સરકારના આવા પગલાથી ચીનને મોટો ઝટકો લાગ્યો છે. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા રવિશંકર પ્રસાદે ચીનની એપ્સ પર પ્રતિબંધ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે ચીનની એપ્સ પર પ્રતિબંધને 'ડિજિટલ સ્ટ્રાઈક' ગણાવી છે.પશ્ચિમ બંગાળમાં બીજેપીની ડિજિટલ રેલીને સંબોધન કરતા રવિશંકર પ્રસાદે કહ્યુ કે, ભારત શાંતિ ઈચ્છી રહ્યું છે. પરંતુ જો કોઈ આપણા દેશ પર ખરાબ નજર કરશે તો અમે ઝડબાતોડ જવાબ આપીશું. અમે ચીનની એપ્સ પર પ્રતિબંધ મૂકીને ભારતીયોનાં ડેટાનું રક્ષણ કર્યું છે. આ ડિજિટલ સ્ટ્રાઈક છે. તેમણે ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવ અંગે માકપા પર પર નિશાન સાધ્યું હતું. રવિશંકર પ્રસાદે કહ્યુ કે, શા માટે માકપા ચીનની ટીકા નથી કરતું?નોંધનીય છે કે ભારતે ચીનની ૫૯ એપ્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. જેમાં ખૂબ જ લોકપ્રીય ટિકટૉક અને યૂસી બ્રાઉઝર સામેલ છે. આ પ્રતિબંધ લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર બંને દેશ વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે મૂકવામાં આવ્યો છે. પ્રતિબંધિત યાદીમાં વીચેટ, બીગો લાઈવ, હેલો, લાઈકી, કેમ સ્કેનર, વીગો વીડિયો, એમઆઈ વીડિયો કૉલ-શાઓમી, એમઆઈ કોમ્યુનિટી, ક્લેશ ઑફ કિંગ્સ વગેરે સામેલ છે.આઈટી મંત્રાલયનું કહેવું છે કે તેમને અલગ અલગ સ્ત્રોત પર ફરિયાદો મળી છે. જેમાં એન્ડ્રોઈડ અને આઈઓએસ પ્લેટફોર્મ પર રહેલી અમુક મોબાઈલ એપ્સના દુરુપયોગ અંગે અનેક રિપોર્ટ સામેલ છે. આ રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે આ એપ્સ વપરાશકર્તાઓના ડેટાની ચોરી કરીને તેમને ભારત બહાર સ્થિત સર્વર પર મોકલી આપે છે. આઈટી મંત્રાલયે આઈટી કાયદાની કલમ ૬૯એની વિશેષ જોગવાઈનો ઉપયોગ કરીને ચીનની ૫૯ એપ્સ પર પ્રતિબંધ મૂકી દીધો હતો.તમે તમારા મોબાઈલ ફોનમાં ટૉર્ચની ઍપ જ ઈન્સ્ટૉલ કેમ ન કરી હોય, તેના દ્વારા ફોનમાં રહેલી તમામ માહિતી બીજા દેશમાં સ્થિત તેના સર્વરમાં જઈ શકે.જાણકારોનું માનીએ તો આવું કોઈ પણ ઍપ પર થઈ શકે છે. ભારત સરકારે ૫૯ ઍપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે, જેને ચીન અથવા ચીનની કંપની દ્વારા ચલાવવામાં આવી રહી હતી.સરકારનું કહેવું છે કે આ ઍપ રાષ્ટ્રીય સુરક્ષા માટે અસુરક્ષિત છે.આ અંગે ગૃહમંત્રાલય હેઠળ કામ કરતા ઈન્ડિયન સાઈબર ક્રાઈમ કોઑર્ડિનેશન સેન્ટરે સરકારને વિસ્તારથી રિપોર્ટ મોકલ્યો હતો.આ પહેલાં પણ આ વિભાગ વિવિધ ઍપને લઈને સમયાંતરે સરકારને ચેતવતો રહ્યો છે.સંસદમાં વિવિધ પક્ષોના સભ્યોએ પણ સરકારનું ધ્યાન અનેક વખત આ તરફ આકર્ષિત કર્યું અને કહ્યું કે જો સરકાર આના પર કાર્યવાહી નહીં કરે તો રાષ્ટ્રીય સુરક્ષા જોખમાશે.તૃણમૂલ કૉંગ્રેસનાં સંસદસભ્ય મહુઆ મોઈત્રા અનુસાર અનેક પક્ષો જેમ કે શશિ થરૂર, બીજુ જનતા દળના પિનાકી મિસ્ત્ર અને ભાજપના તેજસ્વી સૂર્યા આ મુદ્દાને સંસદમાં ઉઠાવતા રહ્યા છે.સરકારે ટિકટૉક સહિત ૫૯ ઍપ પર પ્રતિબંધ લાદ્યો છે.ત્યારે સરકારનું કહેવુ છે કે ગૃહમંત્રાલયને પણ અનેક આવેદનપત્રો મળ્યાં છે, જેમાં ઍપના ઉપયોગ દરમિયાન લોકોની પ્રાઈવસી જોખમાતી હોવાનો અથવા ડેટાની ચોરી જેવી બાબતોનો સમાવેશ થાય છે.કૉંગ્રેસના સંસદસભ્ય શશી થરૂરનું કહેવું છે કે તેઓ પણ સંસદમાં અનેક વખત રજૂઆત કરી ચૂક્યા છે કે કેવી રીતે ચીન ભારતીય કસ્ટમરના ડેટાને ચોરી રહ્યું છે અને આનાથી નફો પણ કરી રહ્યું છે.તેમનું કહેવું છે કે તેઓ ગૃહમંત્રાલયને જણાવશે કે આ અંગે સંસદની ઈન્ફર્મેશન ટેકનૉલૉજી સાથે જોડાયેલી સ્ટેન્ડિંગ કમિટીને વિસ્તારથી જાણકારી આપવામાં આવે.સાથે જ એ પણ કહેવામાં આવે કે એવી કંઈ ઍપ્લિકેશન છે જેનો ઉપયોગ સુરક્ષિત રીતે કરી શકાય છે.મુક્તેશ ચંદર દિલ્હી પોલીસના વિશેષ અધિકારી છે અને સાઈબર ક્રાઈમ નિષ્ણાત પણ છે.તેમણે કહ્યું કે ઍપ માત્ર વાતચીત માટે બનાવવામાં આવે છે, પરંતુ તે ફોનમાં હાજર તમામ જાણકારીઓને એ સર્વર પર મોકલે છે, જે દેશમાંથી તેનું સંચાલન કરવામાં આવતું હોય.સવાલ ઊભો થાય છે કે દસ્તાવેજોને સ્કૅન કરતી ઍપ્લિકેશન ખતરારૂપ કેવી રીતે હોઈ શકે છે?આ અંગે તેઓ કહે છે કે જો કોઈ પોતાની રજાની અરજી અથવા કોઈ બાળકના પુસ્તકનું પાનું સ્કૅન કરે તો તેની એક કૉપી સર્વરમાં એમની એમ ચાલી જાય છે.મુક્તેશ ચંદર કહે છે કે જેમ કોઈ દસ્તાવેજને સ્કૅન કરો કે તરત (ઉદાહરણ તરીકે નાણામંત્રાલયનો કોઈ દસ્તાવેજ લઈએ, જેમાં આગામી નાણાકીય વર્ષમાં દેશની કંઈ વસ્તુઓ પર વધારે જોર અપાશે એની માહિતી છે) તેની એક કૉપી તે દેશને પણ મળી જાય છે, જ્યાં તેનું સર્વર છે.તેઓ કહે છે કે આ રાષ્ટ્રીય સુરક્ષાની બાબત છે.શશી થરૂરનું કહેવું છે કે તેઓ આ બાબતોને સંસદમાં અનેક વખત ઉઠાવી ચૂક્યા છે.તેઓ એમ પણ કહે છે કે અનેક ઍપ્સ એવી પણ છે, જે એમ કહી શકે છે કે તમે તમારા કિપેડ પર શું ટાઈપ કર્યું છે.ભલે તે સમયે તમે કોઈ બીજી વેબસાઈટ અથવા ઍપ પર કામ કરી રહ્યા હોવ. આ જ કારણે બૅંકોના પાસવર્ડ અને બીજી મહત્ત્વપૂર્ણ જાણકારી એકઠી કરી શકાય છે.એક અન્ય સાઈબરસુરક્ષાના વિશેષજ્ઞ રક્ષિત ટંડન ઈન્ટરનેટ મોબાઈલ ઍસોસિયેશન ઑફ ઈન્ડિયાના સાઈબર સંલગ્ન બાબતોના સલાહકાર પણ છે.તેઓ કહે છે કે ગત વર્ષે ઑગસ્ટ મહિનામાં મદ્રાસ હાઈકોર્ટે ટિકટૉક પર પ્રતિબંધ લગાવ્યો હતો.આ ઍપ પર ચાઈલ્ડ પૉર્નોગ્રાફીના આરોપ હતા, તેઓ કહે છે કે ડેટા-માઈનિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એક મોટો વેપાર છે. જે ઍપ અને વેબસાઈટના માધ્યમમથી ચાલે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૩/૦૭/૨૦૨૦, શુક્રવાર
સૂર્યોદય-૬-૦૮, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૫,
**આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ જયેષ્ઠા**

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૦૮થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૦ સુધી, ૧૨-૫૧ થી શુભ-૧૪-૩૧ સુધી, ૧૭-૫૩ થી ચલ-૧૯-૩૪ સુધી, ૨૨-૧૩ થી લાભ-૨૩-૩૨ સુધી

**- શુભ હોરા-**
૬-૦૮થી ૯-૩૦ સુધી, ૧૦-૩૭થી ૧૧-૪૪ સુધી, ૧૩-૫૮થી ૧૭-૨૦ સુધી, ૧૮-૨૭થી ૧૯-૩૪ સુધી

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૮૩ અને ચાંદીમાં રૂ.૫૦૦નો ઘટાડોઃ ક્રૂડ તેલમાં નોમિનલ સુધારો

### કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યાઃ સીપીઓ, મેન્થા તેલમાં વૃદ્ધિઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૨૪૩૫ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૧૬૮૧ સોદામાં રૂ. ૧૨૪૩૫.૮૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૧૯૭.૨૦ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૩૮.૬૯ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૩ અને ચાંદીનો કિલોદીઠ રૂ.૫૦૦ ઘટ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં નોમિનલ સુધારો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટી આવ્યા હતા. સીપીઓ અને મેન્થા તેલ વધ્યા હતા.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૯૩૪૧ સોદાઓમાં રૂ. ૬૫૬૦.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૧૭૪ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૨૭૩ અને નીચામાં રૂ. ૪૭૯૦૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૮૩ ઘટીને રૂ. ૪૭૯૮૪ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૯ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૮૩૨ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૩૬ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૨ ઘટીને બંધમાં રૂ. ૪૮૨૮૮ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૬૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૭૬૫ અને નીચામાં રૂ. ૪૮૧૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૦૦ ઘટીને રૂ. ૪૮૨૭૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૪૦૪ ઘટીને રૂ. ૪૯૧૫૬ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૩૯૪ ઘટીને રૂ. ૪૯૧૫૬ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૭૬૨૨૦ સોદાઓમાં રૂ. ૨૬૮૨.૮૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૧૮ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૫૧ અને નીચામાં રૂ. ૨૯૮૩ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧ વધીને રૂ. ૩૦૦૪ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૩૫૧ સોદાઓમાં કુલ રૂ. ૧૯૭.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૧૦ અને નીચામાં રૂ. ૧૫૮૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૦ ઘટીને રૂ. ૧૫૮૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૬૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૧ વધીને બંધમાં રૂ. ૬૬૪.૪ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૦ ખૂલી, અંતે પૈસા ઘટીને રૂ. ૧૩૩૬ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૮૨ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૧.૭ અને નીચામાં રૂ. ૯૮૦ રહી, અંતે રૂ. ૯૯૦.૬ બંધ રહ્યો હતો. કપાસ નવેમ્બર વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૦ ખૂલી, ઊપરમાં રૂ. ૦ અને નીચામાં રૂ. ૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે પૈસા ઘટીને રૂ. ૧૦૮૧.૫ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દ્દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૩૦૧૬ સોદાઓમાં કુલ રૂ. ૩૯૩૪.૧૯ કરોડ ની કીમતનાં ૮૧૭૭.૮૭૩ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૬૩૨૫ સોદાઓમાં કુલ રૂ. ૨૬૨૬.૪૦ કરોડ ની કીમતનાં ૫૩૩.૮૦૩ ટન, ક્રૂડ તેલમાં ૩૨૯૯૨ સોદાઓમાં રૂ. ૧૪૩૫.૧૯ કરોડનાં ૪૭૫૫૭૦૦ બેરલ્સ, કોટનમાં ૪૮૫ સોદાઓમાં રૂ. ૨૭.૭૩ કરોડનાં ૧૭૨૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૭૪૫ સોદાઓમાં રૂ. ૧૬૨.૮૦ કરોડનાં ૨૪૬૬૦ ટન, મેન્થા તેલમાં ૪૫ સોદાઓમાં રૂ. ૫.૨૨ કરોડનાં ૫૨.૯૨ ટન, કપાસમાં ૭૬ સોદાઓમાં રૂ. ૧.૬૯ કરોડનાં ૩૪૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૦૬૮૨.૫૮૯ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૩૨.૪૭૬ ટન, ક્રૂડ તેલમાં ૪૮૬૨ બેરલ્સ, કોટનમાં ૧૨૧૫૭૫ ગાંસડી, સીપીઓમાં ૬૬૩૯૦ ટન, એલચીમાં ૧.૩ ટન, મેન્થા તેલમાં ૧૨૭.૪૪ ટન અને કપાસમાં ૩૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૩૮.૬૯ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૪.૪૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૫.૫૮ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૪.૪૨ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫૪૯.૫ અને નીચામાં રૂ. ૪૪૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૮૦.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૪.૫ અને નીચામાં રૂ. ૮૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૭ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૧૯૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૯૮.૫ અને નીચામાં રૂ. ૯૮૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૧૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૩૫૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૫૮.૫ અને નીચામાં રૂ. ૧૩૫૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૬૦.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૭૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૮.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧.૮૭ અને નીચામાં રૂ. ૮.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯.૯૯ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૬૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૪ અને નીચામાં રૂ. ૧૨૩.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૦.૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૪.૨ અને નીચામાં રૂ. ૧૧૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૫.૫ બંધ રહ્યો હતો.

### ઝામ્બિયા બન્યું ઈસ્લામિક રાષ્ટ્ર

# રાષ્ટ્રપતિએ કર્યું એલાન બન્યું ૫૭ મું મુસ્લીમ રાષ્ટ્ર

જયાં સુધી ઝામ્બિયામા મુસલમાનો અલ્પસંખ્યક હતા, ત્યાં સુધી ધર્મનિરપેક્ષતાનો ઢોંગ કરનારા ઝામ્બિયામાં મુસલમાનો બહુસંખ્યક બનતાંની સાથે જ થયુ એલાન. લાગુ થયો ઈસ્લામીક સીરીયા કાનુન !!

જે લોકો મુસલમાનોની આ મોડસ ઓપરેંડિ નથી સમજતા એ લોકો ભટકેલા જ રહે છે. અને અંતે નાબુદ થઈ જાય છે.

મુસલમાનો ફક્ત ત્યાં સુધી જ ધર્મનિરપેક્ષ રહે છે જયાં સુધી તેઓ અલ્પ સંખ્યક અથવા લઘુમતીમાં રહે છે. બહુમત થતા જ એ ધર્મનિરપેક્ષતાને ભૂલી જાય છે.

તમે જાણો છો કે કાશ્મીરમાં પણ આવું જ થયુ છે. અને પ.બંગાલમાં પણ આવુ જ થયું છે અથવા આવું વાતાવરણ બની રહ્યુ છે. વાસ્તવમાં મુસ્લીમ પ્રજા અને ધર્મનિરપેક્ષતાને કોઈ લેવા દેવા નથી પરંતુ એ તેમનું હથિયાર છે.

અલ્પસંખ્યક બનીને બધા લાભ લઈ રહ્યા છે અને બહુસંખ્યક બનતાં જ બધા કાયદા બદલી કાઢે છે અને એવા કાયદા ઘડે છે જે બીજા ધર્મના લોકો માટે ત્રાસદાયક હોય. દમન કર્તા હોય. બહુસંખ્યક બનતાં જ એ લોકો કટ્ટરવાદી બની જાય છે. અને શરૂ થાય છે જેહાદ. એટલે કે હિન્દુઓની નિર્મમ હત્યા અને ધર્મ પરિવર્તનનો સિલસિલો.

હકીકતમાં આ એક રણનીતિ છે. આને સમજો. દેશના હિતમાં નહિ તો તમારા પોતાના હિતમાં સમજો.

જયાં સુધી ભારત દેશ ધર્મનિરપેક્ષ છે, અહીં કેટલાક બુદ્ધિજીવી રાષ્ટ્રવાદી મુસલમાનો પોતાને સુરક્ષિત મહેસુસ કરે છે, તેઓ ભારતને મુસ્લિમ રાષ્ટ્ર બનતું રોકી રહ્યા છે.

પરંતુ તેની સંખ્યા ખૂબ ઓછી છે વધુ પડતા તો ધર્મઝનૂની મુસ્લિમો છે કે જેઓ મૌલવીઓના ફતવા નીચે હિન્દુ સાથે એકરસ થઈ શકતા નથી. બહુ દૂર નહિ, તમારી આસપાસ તમારા શહેરમાં કે ગામમાં નજર દોડાવો. એક-બે મુસલમાન આવશે. એક મડદું દાટીને દરગાહ બનાવશે. અને પછી ધીમે ધીમે સંખ્યા વધશે. જોતજોતાંમાં તમારે પોતાનું ગામ કે શહેર છોડવા મજબુર થવું પડશે. નહિ તો જીવવા નહિ દે. તમારી મા-બહેન, વહુ-બેટીને ઉઠાવી જશે. લગ્ન માટે મજબુર કરશે અને આમ જ તમારી જિંદગીને હરામ કરી નાખશે.

એટલું જ નહિ, તમે નોકરી કરતા હશો તો ત્યાં પણ જો એકાદ મુસલમાન આવી ગયો તો સમજો બહુ જલ્દી તમારી નોકરી હાથમાંથી જશે.

હિન્દુઓને વિનંતી છે કે આ મોડસ ઓપરંડિ ને સમજો. ઝડપથી કોઈ નક્કર પગલાં ભરો. નહિ તો આખું ભારત ખોવાનો વારો આવશે.

એટલે જ જાગૃત થાવ અને બીજાને પણ જાગૃત કરો.

ન સમજી શકતા હો તો એક બે મુસ્લીમ બહુમતવાળા વિસ્તારોની મુલાકાત લો અને ધ્યાનથી અવલોકન કરો. એ લોકોની અસલિયત સામે આવી જશે.

જય હિન્દ

વંદે માતરમ્.

મને ખબર નથી ક્યાં સુધી હુ વંદે માતરમ્ બોલી શકીશ !!!

# ગાંધીનગરમાં ૪ લોકોએ આત્મવિલોપનનો પ્રયાસ કરતા ખળભળાટ

ગાંધીનગર,તા.૨

ગાંધીનગરમાં આજે ચાર લોરોએ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો છે. ગાંધીનગર ખાતે આવેલી ભૂસ્તર વિજ્ઞાનની કચેરી સામે ૪ લોકોએ આત્મવિલોપનનો પ્રયાસ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આત્મવિલોપનનો પ્રયાસ કરનાર ૪ લોકો પંચમહાલના શહેરાના હોવાનું જાણવા મળી રહ્યું છે. શહેરાના વલલ્ભપુરા ગામે ગૌચરમાં ગેરકાયદે ખનનનો આરોપ લઈને તેઓ અવાર નવાર રજૂઆત કરતા હતા, પરંતુ તંત્ર આંખ આડેકાન કરતા તેઓએ કંટાળીને આત્મવિલોપનનો પ્રયાસ કર્યો છે. હાલ તેમને રોકી દેવામાં આવ્યા છે, અને ગાંધીનગર ભૂસ્તર વિજ્ઞાનની કચેરી સામે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે ભુસ્તર વિજ્ઞાનની કચેરી સામે આત્મવિલોપનનો પ્રયાસ કરનાર ચારેય જણાંના નામ જશવંત સોલંકી, પ્રવીણ સોલંકી, રત્ના માછી, કોદરસિંહ ઠાકોર છે, જેમની પોલીસે અટકાયત કરી છે. ગાંધીનગરના ડીવાયએસપી એમ.કે. રાણાએ આ ઘટના વિશે વિગતવાર માહિતી આપી હતી.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, પંચમહાલમાં શહેરાના વલલ્ભપુરા ગામે ગૌચરમાં ગેરકાયદે ખનન થતું હોવાની ફરિયાદ લઈને આખરે કંટાળેલા ૪ લોકોએ આજે પોલીસને દોડતી કરી મૂકી હતી. ગાંધીનગર ઉદ્યોગ ભવન પાસેથી આત્મવિલોપન કરતા ૪ની પોલીસે અટકાયત કરી હતી. વલ્લભપુરના સ્થાનિકોનો દાવો છે કે, ૨૦૧૩થી ગેરકાયદેસર ખનનનો વિરોધ છતાં કોઈ અમારું સાંભળતું નથી. આ ઘટનામાં પોલીસ દ્વારા આત્મવિલોપનનો પ્રયાસ કરતા પોલીસે અટકાવેલ ચારેય લોકો જવલનશીલ પદાર્થ છાંટી જીવ ટૂંકાવવા જતાં હતા, ત્યાં પોલીસ ત્યાં પહોંચી હતી અને તેમને અટકાવ્યા હતા હાલ ચારેયને પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે.

### ખુંખાર કેદીઓને કાયદાની ભાષામાં જ સમજાવવામાં કાબેલ એવા

# નિવૃત્ત જેલ અધિક્ષક શ્રી અરુણકુમાર આર. વ્યાસ નું આજે વહેલી સવારે અવસાન થયુ

ગુજરાતમાં મહત્વ ના શહેરોમાં જેલ અધિક્ષક તરીકે અમદાવાદ;રાજકોટ;વડોદરા;પોરબંદર; અમરેલી;ગોંડલ સહિત ના સ્થાનો ઉપર જેલ અધિક્ષક તરીકે અસરકારક; પ્રામાણિક અને કડક રીતે ફરજ બજાવનાર અને ખુંખાર કેદીઓને કાયદાની ભાષામાં જ સમજાવવામાં કાબેલ એવા નિવૃત્ત જેલ અધિક્ષક શ્રી અરુણકુમાર આર. વ્યાસ નું આજે વહેલી સવારે અવસાન થયેલ છે. શ્રી વ્યાસ આશરે ત્રણ વર્ષ પહેલાં વય મર્યાદા ના કારણે સેવા નિવૃત્ત થયેલ હતા.

શ્રી. વ્યાસ નિવૃત્તિ દરમ્યાન ધાર્મિક; આધ્યાત્મિક અને સામાજીક પ્રવૃત્તિ ઑમાં સક્રિય હતા.




શ્રી વ્યાસ એક કડક; કાબેલ;શિસ્ત પાલન ના ચુસ્ત આગ્રહી જેલ અધિકારી તરીકે ની છાપ ધરાવતા હતા. તેઓ ની કડક કામગીરી ના કારણે તેઓ ઊપર માથાભારે અને અસામાજિક તત્વોને હંમેશા ખૂંચતા હતા.

શ્રી વ્યાસ ની અસરકારક કામગીરી ધ્યાનમાં રાખીને રાજકોટ ની જાણીતી સંસ્થા ×દિકરાનું ઘર;દ્વારા દિપચંદ ગારડી એવોર્ડ થી તત્કાલીન પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત ની ઉપસ્થિતી માં એનાયત થયેલ હતો.

:અંતિમ યાત્રાઃ

રાજકોટ જિલ્લા જેલ ના પૂર્વ અધિક્ષક શ્રી અરુણકુમાર વ્યાસ ની અંતિમયાત્રા તેમના નિવાસે રામેશ્વર પાર્ક શેરી નંબર ૬;×અભિષેક× રેલનગર પાસે ;પોપટપરા રાજકોટ થી આજે તા. ૨/૭/૨૦૨૦ ગુરુવાર બપોરના ૨-૦૦ વાગ્યે નીકળી હતી..ભગવાન તેમના આત્મા ને શાંતિ આપે તેવી પ્રાર્થના...

# એક જ દિવસમાં માસ્કને લઈ ગાંધીનગર તંત્રએ વસુલ્યો ૩.૮૩ લાખનો દંડ

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હજુ ટળ્યું નથી ત્યારે લોકો માસ્ક વગર બિન્દાસ્ત ફરી રહયા છે ત્યારે વહીવટી તંત્રની સાથે પોલીસ પણ માસ્કના નિયમનું કડકપણે પાલન કરાવવા મથી રહી છે. જિલ્લામાં ગઈકાલે એક જ દિવસમાં પોલીસે ૧૩૨૭, ગાંધીનગર કોર્પોરેશને ૪૩ અને જિલ્લા પંચાયત દ્વારા ૫૪૮ લોકો પાસેથી ૩.૮૩ લાખનો માસ્ક નહીં પહેરવા બદલ દંડ વસુલ્યો હતો. માર્ચ મહિનાથી શરૂ થયેલું કોરોના સંક્રમણ હજુ અટકવાનું નામ લેતું નથી. વેપાર ધંધા શરૃ કરવા માટે અનલોક પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે તેમાં સરકાર દ્વારા માસ્ક અને સોશ્યલ ડીસ્ટેન્સીંગ ફરજિયાત કરાયું છે.માસ્ક નહીં પહેરવાથી કોરોનાનું સંક્રમણ વધવાની પુરેપુરી શક્યતા છે ત્યારે જિલ્લામાં પોલીસને પણ માસ્કના જાહેરનામાંનું કડકપણે પાલન કરાવવા માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા આદેશ આપવામાં આવ્યો છે જેના પગલે જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન દ્વારા પણ આ મામલે કામગીરી શરૃ કરવામાં આવી છે. જેમાં ગઈકાલે મંગળવારના દિવસે જ સે-૨૧ પોલીસે ૧૩, સે-૭ પોલીસે ૯૮, પેથાપુર પોલીસે ૭૩, ડભોડાએ ૫૦, ચિલોડાએ ૧૧૯, દહેગામમાં ૧૩૮, ઈન્ફોસીટી પોલીસે ૧૫૯, મહિલા પોલીસે ૪૫,અડાલજ પોલીસે ૭૧, અડાલજ શહેર પોલીસે ૭૮, ટ્રાફિક પોલીસે ૧૩૭, માણસા પોલીસે ૧૩૭, સાંતેજ પોલીસે ૩૭, એલસીબીએ ૧૩ વ્યક્તિઓને માસ્ક વગર પકડી ૨.૬૫ લાખનો દંડ વસુલ્યો હતો. બીજી બાજુ શહેરના સે-૧૬, ૨૧, ઈન્ફોસીટી, જુના સચિવાલયમાં કોર્પોરેશનની ટીમે ૪૩ વ્યક્તિઓને માસ્ક વગર દંડયા હતા. તો ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં જિલ્લા પંચાયતની ટીમો દ્વારા ૫૪૮ વ્યક્તિઓને માસ્ક વગર પકડી ૧.૬૫ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો.

CYMK

# પાટણ ST ડેપો દ્વારા એક્સપ્રેસ રૂટની તમામ બસ શરૂ કરવામાં આવી



( ધ્રુવ દવે.સિદ્ધપુર)

ગુજરાત ST નિગમ દ્વારા અનલોક-૧માં ૩૦ ટકા જેટલી બસો શરૂ કર્યા બાદ અનલોક-૨માં વધુ જી્ બસ શરૂ કરવાનો નિર્ણય કરતા પાટણ જી્ ડેપો દ્વારા એક્સપ્રેસ રૂટની તમામ બસ શરૂ કરવામાં આવી છે. જેથી જિલ્લાના લોકોને પ્રવાસ કરવામાં સરળતા રહેશે.

કોરોના મહામારીને પગલે તબક્કાવારના લોકડાઉન બાદ અનલોક-૧માં નિગમના આદેશ મુજબ પાટણ ST ડેપો દ્વારા ગત તારીખ ૧ જૂનથી ૩૦ જૂન સુધી ૩૦ ટકા બસનું સંચાલન કરી પ્રવાસીઓ માટે બસ સેવા શરૂ કરી હતી. જેમાં અમદાવાદ અને કચ્છ-માંડવી એક્સપ્રેસ બસ તેમજ તાલુકાથી તાલુકા અને જિલ્લાથી તાલુકાને જોડતી બસ શરૂ કરવામાં આવી હતી.ત્યારબાદ અનલોક-૨નો અમલ થતાં નિગમના આદેશ મુજબ પાટણ એસ.ટી.ડેપોએ ૨૫ ટકા બસનો ઉમેરો કરી ડેપોની તમામ એક્સપ્રેસ બસ બુધવારથી શરૂ કરી છે. પાટણ ડેપો દ્વારા એક્સપ્રેસ અને લોકલ બસ મળી ૫૫ ટકા બસનું સંચાલન શરૂ કરવામાં આવ્યું છે. ST બસના વધારા સાથે અલગ-અલગ રૂટના શિડ્યુલ ચાલુ થતા પાટણ બસ સ્ટેન્ડમાં પ્રવાસીઓની ચહલ-પહલ વધી છે. જેને લઇ ડેપોને આર્થિક ફાયદો થશે.અનલોક-૨માં આંતરરાજ્ય બસનું સંચાલન શરૂ થતા પાટણના પ્રવાસીઓને અમદાવાદ, વડોદરા, સુરત, દાહોદ, માંડવી સહિત રાજ્યના અલગ-અલગ શહેરોમાં જવા માટે સરળતા રહેશે

## અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી પોલીસનું નાક વાઢ્યું

# વેણપુર નજીક ટ્રકમાંથી ૪.૯૪ લાખનો દારૂ સાથે બે શખ્શોને દબોચ્યા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ રાજ્યમાં ઠાલવવામાં આવી રહ્યો છે બુટલેગરો વિદેશી દારૂની માંગને પહોંચી વળવા નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે જીલ્લા એલસીબી પોલીસે શામળાજી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા વેણપુર ગામની સીમમાંથી રાજસ્થાન તરફથી આવતી ટ્રકમાંથી ૪.૯૪ લાખના વિદેશી દારૂ સાથે બે શખ્શોને ઝડપી પાડી શામળાજી પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા કર્યા છે એલસીબી પોલીસે બંને શખ્શોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે શામળાજી પોલીસને ઉંઘતી રાખી વેણપુર ગામ નજીકથી લાખ્ખો રૂપિયાના દારૂ સાથે બે શખ્શોને દબોચી લીધા હતા જીલ્લા એલસીબી પોલીસે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલ વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા શંકાસ્પદ ટ્રક (ગાડી.નં- HR 38 Q 9980)ને અટકાવી ટ્રકમાં તલાસી લેતા ભૂંસાની આડમાં સંતાડીને રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ-૧૨૩૬ કીં.રૂ.૪૯૪૪૦૦/- જપ્ત કરી ટ્રક ડ્રાઈવર ૧) અસલીમ કાસમ મેવું તથા ૨)શોકીન જહરુદીન મેવુ (બંને,રહે.હરિયાણા) ની ધરપકડ કરી વીદેશી દારૂ, ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ.૧૪૯૬૯૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર ફરિદાબાદના ખાલિદ નામના બુટલેગર વિરુદ્ધ શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાવી આગળની તપાસ શામળાજી પોલીસને સુપ્રત કરી હતી

## એક વાલી એ શાળા પાસે થી જવાબ માગયો..



एक पैरेंट ने स्कूल से उल्टा मांगा
Online Classes का खर्च 😎

Dear School,

Our expenses for **online classes** at our home:

@NCRParents

| | |
|---|---|
| Laptop(New)-. | Rs. 35000(one time) |
| Broadband - | Rs 3000(1k/mth) |
| Electricity chgs (AC, Light etc)- | Rs 4500(1500/mth.) |
| Eye Doctor chgs- | Rs 750/visit |
| Psychologist chgs- | Rs 1000/visit |
| Parents Salary-. | Rs 45000(15k/mth) |
| (Hv to keep eye on child) | |
| TENSION 😢😱 | PRICELESS |
| Total | Rs 89500 |

School Fee Q1,2020 Rs. 45000
Pls refund/reimburse **Rs. 44500** within 7 days else I will charge Late Fee @ 100/- per day. 😊

@NCRParents

Thanks You

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..

## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

આજે સાહિત્ય વિભાગ મા એડમીન ટીમ ના આયોજક,નિર્ણાયક,સહ નિર્ણાયક,સહ સંચાલક ની રચનાઓ...

---

**NG No- 5**

પત્ર.......મારા પ્રભુ ,

વિષય : મારી વ્યથા જાણી એ અંગે આપ ઘટતી કાર્યવાહી કરી ન્યાય કરવા બાબતે.

પ્રભુ, "આવ આવ" કરતાં સૌ મને ભાવભીનું આમંત્રણ આપે. બધા બોલાવે એટલે જે તે સમયે અને જે તે સ્થળે પહોંચી જ જવાનું! જાણે મારી કોઈ ઈચ્છા જ નહીં? આવતા થોડું મોડું થાય ત્યાં તો ગાળો ભાંડવાનું શરૂ થઈ જાય. કંઈ કેટલાય ધમપછાડા, રોકકળ થાય. હું વરસવા માંડું તો કહે આજે અટકી જા, કેટલો પડે છે તું અમારે બહાર જવાનું છે, પ્રસંગ છે બોલો આ લોકોને શું કહેવું! જ્યાં સુધી ગરજ હોય ત્યાં સુધી રોકાવાનો આગ્રહ ચાલું રહે ને હું ભોળો એટલે થોડા દિવસ રોકાવું. ઘણી મજા કરું અને કરાઉં. સૌ સાથે મળીને તહેવારોના શ્રાવણ મહીનામાં રોજ નવું નવું ખાવાની મજા માણીએ. મન મારું પૃથ્વી લોકમાં ગોઠી જાય ને થોડા દિવસ વધારે રોકાઈ જવાય તો શરૂ થઈ જાય પાછી મોકાણ! "જા ભાઈ હવે તું. તને થોડો વધારે આગ્રહ થઈ ગયો હોય તો અમને માફ કર" કહેતાં આ સ્વાર્થી જીવો પાછાં મને મોકલવા ધમપછાડા કરે. આખરે મને જેમના લગ્નમાં આવવા આમંત્રણ આપ્યું હોય તે દેડકા-દેડકીનાં છૂટાછેડા કરાવીને પાછો મોકલી આપે!

જોઉં હવે આ વર્ષે મને બોલાવે તો જવું કે નહીં અને જાઉં તો પણ કેટલા દિવસ રોકાવુ. જશ જ નહીં મળે મને તો! હવે મને પણ ગુસ્સો આવે છે, સમય નજીક છે એટલે રામાયણ શરૂ થશે. તારી રીતે સમજાવી દેજે આ ધરતીનાં બની બેઠેલાં માલિકોને, મારી કદર ન કરે તો એક દિવસ ભૂખે મરવાનો વારો આવશે,પછી મને દોષી ન ગણતાં તમે કોઈ પણ.

બસ અત્યારે આટલું જ.આભાર.

લિ.આપનો આજ્ઞાંકિત,

વરસાદ ઉર્ફે મેહુલિયો.

વંદના વાણી.(નિર્ણાયક શ્રી)

---

વિભાગ. પદ્ય

**NG No.*- 8**

શીર્ષક- નિરાંત ની પળ

જોઈએ છે મારે નિરાંતની પળ,
નિરાંત છે એ કોઈની પાસે?
રોજ જન્મ લેતી નવી ઈચ્છાઓ,
સમય છે એનો કોઈની પાસે?
પૂરી કર્યા છતાં અપૂર્ણ જવાબદારીઓ,
સંતોષ છે એનો કોઈની પાસે?
હાસ્યમાં મિલાવટ કરી કરી,
બચી છે ખુશી કોઈની પાસે?
કમાયા ખૂબ આં દોડભાગમાં,
ખરીદવી છે, વેચવા છે કોઈની પાસે?!
જોઈએ છે મારે નિરાંતની પળ,
નિરાંત છે એ કોઈની પાસે?

મનીષ વોરા ' અભિવ્યક્તી ' (સહ સંચાલક શ્રી)

---

વિભાગ : બોધ (સત્ય ઘટના)

શીર્ષક : આત્મમંથન..માનવતા ની મહેક..

**NG : 01**

વાંચવા જેવું અને સમજવા જેવી વાત.......

આજે દેવાંગ ની આંખો વાતો કરતા કરતા ભીની થઇ જતી હતી.....

મેં કીધું દોસ્ત...કેમ આજે ઢીલો છે....

કંઈ નહીં દોસ્ત.... આવક કરતા જાવક વધી રહી છે! આર્થિક મંદી ના બહાના હેઠળ ત્રણ વર્ષ થી પગાર-વધારો નથી થયો, બજારમાં નવી નોકરી જલ્દી મળતી ન હોવાથી તેનો લાભ કંપનીઓ ઉઠાવી રહી છે. નોકરી/ધંધા ની અનિશ્ચિતતા વચ્ચે સ્વભાવ ચીડિયો થઈ ગયો છે. બનાવટી હાસ્ય લઈને એક હરતી ફરતી લાશ સમાજ વચ્ચે ફરે છે. દૂર દૂર સુધીતો કોઈ આશા ના કિરણ દેખાતા નથી.

ઘણી વખત આ તકલીફો ને કારણે વગર મફત નો આપણો પરિવાર ભોગ બને છે.! ેસ્ત આવા સમયે સંયમથી વર્તવું. ઓછું બોલવું...

સાંભળ દોસ્ત એક મહિના પહેલા ની વાત કરું તો..હું ડ્રોઈંગ રૂમમાં બેઠો હતો...અંદર ના રૂમ માં સ્વીટુ ભણતા ભણતા ઉભો થઇ તેની મમ્મી સાથે મસ્તી તોફાન કરતો હતો... મારા હાથ માં ઇલેક્ટ્રિક બિલ હતું...બિલ ની રકમ જોઈ હું મુંઝાયો હતો....તેની વ્યવસ્થા ,ઉઘડતી કૂલે ફી ની ચિંતા, ઘર ના હપ્તા, મેડિકલેમ...., ધંધામાં હરીફાઈ ને કારણે આવકની અનિશ્ચિતતા!, નોકરીઓ ઉપર લટકતી તલવાર..જાણે મગજ ઉપર અચાનક આતંકી હુમલો થયો હોય તેમ ખર્ચ નું લિસ્ટ આતંક માચવવા લાગ્યું....હું મારી જાત ઉપર સંયમ ગુમાવતો જતો હતો.

તેવા માં સ્વીટુ તેના રૂમ નો પંખો અને લાઈટ ચાલુ રાખી તે ક્યારનો મજાક મસ્તી તેની મમ્મી સાથે કરતો હતો... હું ઉભો થયો અને મેં બુમ મારી કે, જે જગ્યા એ બેઠા નથી ત્યાં પંખા લાઈટ કેમ ચાલુ રાખો છો...?

સ્વીટુ ની સામે જોઈ હું બોલ્યો તારી આદત કેમ તું સુધારતો નથી ..આટલું બોલી તેના કાન ઉપર મારા થી એક થપ્પડ વાગી ગઈ...

આ થપ્પડ એટલી જોર થી વાગી કે સ્વીટુ ના કાન માંથી લોહી નીકળવા લાગ્યું....સ્વીટુ એટલે સાત વર્ષ નું બાળક તે મારી સામે જોઈ આંખ માંથી આંસુ પાડવા લાગ્યો.....

વાત નાની હતી છતાં પણ સ્વરૂપ તેનું ગંભીર બની ગયું મારી પલિ પણ મને વઢવા લગી..તમે નાના બાળક ઉપર હાથ ઉપાડો છો એ આદત સારી નથી. મારી ભૂલ મને સમજતા મિનિટ ની પણ રાહ જોયા વગર સ્વીટુ ને તેડીને હું ઝડપ થી નીચે ઉતર્યો... પાછળ મારી પત્ની પણ બધા કામ બાજુ ઉપર મૂકી નીચે. ઉતરી...અમે એક્ટિવા ઉપર બેસી.ડોક્ટર પાસે ગયા. ફેમિલી ડોક્ટરે કાન માંથી લોહી બંધ ન થતું હોવાથી તાત્કાલિક સર્જનને મળવાનું કીધું. અમે સર્જન ના ત્યાં પહોચ્યા.....

સર્જને કીધું..... સ્વીટુ સામે જોઈ કીધું..બેટા સ્કૂલ માં મારા મારી કરી ? સ્વીટુ તો મારી સામે જોઈ રહ્યો.. મેં ભીની આખે મેં કરેલ ભૂલ વર્ણવી....ડોક્ટરે કીધું તમે ભણેલ થઈ આ હદ સુધી જાવ છો?

તમને ખબર છે..કોઈ વખત આખી જિંદગી ખોડ રહી જાય? મેં કીધું સાહેબ મારી ભૂલ છે, સ્વીટુ ને સારું તો થઈ જશે ને ? ડોક્ટરે ચેક કરી કીધું. ...

હું મનોચિકિત્સક નથી પણ બાળક ની માનસિક હાલત ઉપરથી એટલું જરૂર કહીશ.. તેને કાન કરતા દિલ ઉપર વધારે ઘા વાગ્યો છે... બાળક તમારું છે...છતાં પણ કહું છું..આવા સ્વીટ બાળક ઉપર તમે હાથ કેવી રીતે ઉપાડી શક્યા.? મારી પત્ની તો રડી પડી.. રડવા નું મારે બાકી હતું.. હું ડોક્ટર દેખતા સ્વીટુ ને ભેટી રડ્યો.... બેટા ??માફ?? કરી દે..... થોડો સ્વસ્થ થઈ મેં કીધું સાહેબ કેટલી ફી આપવા ની ? ડોક્ટર સ્માઈલ આપી બોલ્યા રહેવા દો .. મારી ફી તમે નહી ચૂકવી શકો? મેં કીધું સાહેબ...હું પ્રયત્ન કરીશ... આપ બોલો... ડોક્ટર સાહેબ બોલ્યા, એક વચન આપો.. આજ પછી સંજોગો ગમેતેટલા પ્રતિકૂળ હોય પણ બાળક ઉપર હાથ નહીં ઉપાડો. ગુસ્સો પણ ચાલાક છે એ નિર્બળ વ્યક્તી ઉપર જ વાર કરે છે....

કોણ કહે છે ડોક્ટર લૂંટે છે ? ૧૦૦ માંથી એક દાક્તર પણ આવા ભગવાન જેવા હોય છે..જે ફક્ત રૂપિયા માટે પ્રેક્ટિસ નથી કરતા.... એક ધર્મગુરુ જ્ઞાન ન આપે એવું જ્ઞાન તેમણે એક વાક્યમાં કીધું. "ગુસ્સો પણ ચાલાક છે એ નિર્બળ વ્યક્તી ઉપર જ વાર કરે છે...."..... વાત તો સાહેબ ની સાચી હતી નિર્બળ, લાચાર, વૃદ્ધ, અશક્ત ઉપર વાર કરી આપણે શું સાબિત કરવા માંગીએ છીએ? અત્યારે ચારે બાજુ દરેક વ્યવસાય માં લોકો એ લૂંટફાટ અદારી છે ત્યારે..આવો પ્રેમાળ ઠપકો આપી અમને ભવિષ્ય માં આવી ભૂલ ન કરવાનું સમજાવનાર ડોક્ટર સામે હાથ જોડી અમે ઉભા રહ્યા અને તેમનો આભાર માન્યો

ડોક્ટર સાહેબ બોલ્યા .. તમારા સંપર્ક માં કોઈ સારી વ્યક્તિ આવે તો આભાર ભગવાન નો માનવો.. કારણ કે, તેની પ્રેરણા વગર આ શક્ય નથી... બાકી પંદર દિવસ પછી ફરી બતાવી જજો... સ્વીટુ સામે જોઈ ડોક્ટર સાહેબ બોલ્યા બેટા પપ્પા નું કહ્યુ હમેશા કરવાનું....બાકી હવે તારા પપ્પા તને મારે તો મને કહી દેજે...અમે બધા હસી પડ્યા.....

નફા ના ધ્યેય સાથે વ્યવસાય કરવાનો દરેક નો અધિકાર છે... પણ સમય અને સંજોગો જોઈને જો, તમારા દિલ માં કરુણા ઉભી થાય તો તમારો મનુષ્ય જીવન નો ફેરો સફળ થયો છે..તેવું સમજી લેજો... દોસ્ત...ઘરે આવી સ્વીટુ ને ભેટી ફરી રડ્યો. તેના માથે હાથ ફેરવી હું આખી રાત રડતો રહ્યો... વિચારતો હતો... આવક કરતા ખર્ચ વધે તેમાં પરિવાર નો શુ વાંક ?

હીલ સ્ટેશન ઉપર ફરવા ન લઈ જઈ શક્યો તો વાંધો નહિ ..પણ ઉનાળા માં પંખો તો વાપરે કે નહીં ? દોસ્ત દુઃખ તો ત્યારે થયું જ્યારે હું તેના ભણવા ના રૂમ માં ગયો એ ભણતો હતો પણ પંખો ચાલુ ક્યોં ન હતો ? હું સમજી ગયો..સ્વીટુ એ મને હજુ માફ નથી કર્યો..... અથવા તો અંદર થી હજુ મારા થી ડરે છે મેં માથે હાથ ફેરવી કીધું...બેટા સ્વીટુ પપ્પા ને માફ નહિ કરે ? હવે પપ્પા કદિ તને નહી મારે. પ્રોમિસ. એ ભોળા ભાવે બોલ્યો...

જેન્ટલમેન પ્રોમિસ? હું તેને ભેટી પડ્યો..કહ્યું બેટા જેન્ટલમેન પ્રોમિસ. મેં મારી પત્ની સામે જોઈ કીધું... એક સમય હતો હું પણ અંધારા થી ગભરાતો હતો.. પણ આજે...સંજોગો બદલાઈ ગયા .. આજે અજવાળું જોઈ હું ગભરાઈ જાવ છું !

ડાર્લિંગ..તું પણ.મને શક્ય હોય તો માફ કરી દે... કોઈ વખત આવક.જાવક ના બે છેડા મેળવતી વખતે માનસિક સંતુલન ગુમાવી દેવાય છે..

આ મારી તકલીફ નથી ઘરે ઘરે મધ્યમવર્ગના પરિવારોમાં આવી તકલીફો છે.. ણ હવે થી આવી ભૂલ કદી ન થાય તેનું હું ધ્યાન રાખીશ. ારી આંખો પણ ભીની થઈ ગઈ હતી.બોલવા જેવા કોઈ શબ્દો જ ન હતા....કારણ કે મધ્યમવર્ગ ની વેદના આપણે એક બીજા નહિ સમજીયે તો બીજું કોણ સમજશે ?

પ્રદીપ રાવલ......તંત્રી, ગ્રુપ આયોજક,ગાંધીનગર

---

**"નેપટીઝમ" NG.No : 07**

નેપટીઝમ.......!! એટલે સગાવાદ. હમણાં હમણાં આ શબ્દ ખૂબ પ્રચલિત થયો છે.સુશાંતસીંગ રાજપૂતની કહેવાતી આત્મહત્યા બાદ લોકજીભે ચઢેલો આ શબ્દ આજનો નથી.સદીઓથી પ્રચલિત છે.સદીઓ પહેલા ધ્રુતરાષ્ટ્ર અને શકુનિના દુર્યોધન પ્રત્યેના સગાવાદને લીધે મહાભારત રચાયું.કૈકેયી અને મંથરાના ભરત પ્રત્યેના સગાવાદને લીધે રામે ચૌદ વરસનો વનવાસ ભોગવવો પડ્યો અને રામાયણ રચાયું.આજે આ નેપટીઝમ ઘરથી લઈને દરેકે દરેક ક્ષેત્રમાં ઘુસેલું છે.શાળા, કોલેજ, ઓફીસોમાં,રાજકારણમાં દરેક જગ્યાએ જોવા મળશે.શાળામાં બાળક ભણવા જાય ત્યાંથી એણે આ નેપટીઝમનો સામનો કરવો પડતો હોય છે.વર્ગમાં હોંશિયાર કે ચબરાક, બોલકા, ચપળ કે પછી શિક્ષકોની ઓળખાણ ધરાવતા, શિક્ષકો પાસે પ્રાઈવેટ ટ્યુશન કરતાં વિદ્યાર્થીઓને લીધે બીજા નબળા કે ઓછા ચપળ બાળકોએ આ નેપટીઝમનો સામનો કરવો પડતો હોય છે.નાની ઉંમરને કારણે બાળકને સમજાતું નથી કે એની સાથે શું થઈ રહ્યું છે.પરંતુ આવા બાળકોના ´દયમાં એક ખૂણો કાયમ અંધારીયોજ રહી જાય છે.એની અંદરનો આત્મવિશ્વાસ ક્યાંક સતત ઘવાયેલો રહે છે અને આડકતરી રીતે એના વિકાસમાં આ નેપટીઝમ અવરોધક બને છે.એવીજ રીતે કોલેજોમાં પણ બને છે.આજની આ સ્પર્ધાત્મક દોડમાં જ્યારે કોઈક વિદ્યાર્થી પાછળ રહી જાય છે ત્યારે તે હતાશા અનુભવે છે અને જો આ હતાશા ચરમસીમા પર પહોંચે ત્યારે એ આત્મહત્યામાં પરિણમે છે.ઓફીસોમાં કામ કરવાની જગ્યાઓ પર આ દૂષણ ખૂબજ ભયંકર રીતે ફેલાયેલું છે.એવું નથી કે આ નેપટીઝમ ફક્ત નબળા કે ઓછી આવડતવાળા લોકો સાથે થાય છે. મોટેભાગે આ દૂષણનો ભોગ વધારે હોંશિયાર અને પ્રવૃત્તિમય લોકો સાથે થાય છે.એકજ જગ્યા પર એક સાથે કામ કરતા માણસોનો સ્ટાફ હોય અને એમાં જો કોઈ એક વ્યક્તિ એના ઉપરીને વધુ પ્રિય હોય તો સ્ટાફના બીજા બધાંજ એ વ્યક્તિની વિરુધ્ધ ઊભા રહી જાય છે.પ્રત્યક્ષ રીતે કંઈ ન કરી શકાય એમ હોય તો પરોક્ષ રીતે એ વ્યક્તિને બધાજ ભેગા થઈને જુદી જુદી રીતે હેરાન કરે છે.અને કોઈપણ રીતે એ વ્યક્તિને એકલો પાડી દેવામાં આવે છે.નેપટીઝમ પાછળનું મુખ્ય કારણ ઈર્ષ્યા હોય છે.આવુંજ દૂષણ સામાજીક સ્તરપર ઘરમાં સંયુક્ત કુટુંબોમાં ઘણીવાર જોવા મળે છે. હવેતો જોકે સંયુક્ત કુટુંબો બહુજ ઓછા છે પરંતુ જે પણ છે તેમાં આજે પણ કુટુંબમાં દેરાણી જેઠાણી મળીને નણંદ સાથે,અથવા નણંદભોજાઈ મળીને ઘરની બીજી સ્ત્રીઓને પાછળ પાડવાનો પ્રયત્ન કરે અથવા મા દીકરી મળીને ઘરની વહુને હેરાન કરે.આ રીતે નેપટીઝમ સગાવાદનું દૂષણ આજે તમને ઘરે ઘરે ગલીએ ગલીએ જોવા મળશે.અરે ઘણીવાર તો મિત્રવર્તૃળમાં પણ આ નેપટીઝમ થતું હોય છે.ચારપાંચ મિત્રોનું ગ્રુપ હોય તો કોઈ એકને ટાર્ગેટ કરી એને ગમે તે રીતે પછાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ દૂષણનો આજ દિવસ સુધી કોઈ તોડ મળ્યો નથી. પરંતુ આ દૂષણને નાથવા માટેના પ્રયત્નો કરવા જરૂરી છે અને એની શરૂઆત આપણે ઘરથીજ કરવી પડશે. આપણા બાળકોને ઘરમાંથીજ એવી વિચારસરણી સાથે ઉછેરવા જોઈએ કે ઈર્ષ્યા, વેરવૃત્તિથી હંમેશા દૂર રહેવું,ખેલદિલી કેળવવી,બીજાની જીતને અને પોતાની હારને સ્વીકારતા શીખવું જોઈએ.સાચી મહેનત કરનાર વ્યક્તિને યોગ્ય માન સન્માન મળવુંજ જોઈએ ભલે પછી એ કોઈપણ વર્ગમાંથી આવતો હોય.આપણા કરતાં નબળા વર્ગને કે વ્યક્તિને આપણે સાચવી લેવો જોઈએ.આ વિચારો સાથે ઉછેરેલા યુવક યુવતીઓ જો સમાજને આપશું તો મને ખાતરી છે કે દેશમાં એક તંદુરસ્ત વિચારસરણીવાળો સમાજ આકાર પામશે. અને છાપાઓમાં નેપટીઝમને લીધે થયેલી આત્મહત્યાના સમાચારોજ કદાચ કાયમ માટે બંધ થઈ જાય.શ્ર?

લેખિકાઃ આરતી મરચંટ..મુંબઈઃ(સહ સંચાલક શ્રી)

---

વિભાગઃટૂંકીવાર્તા

શીર્ષક : તત્ક્ષણ

***NG No*:*04***

ટૂંકી વાર્તા... તત્ક્ષણ ..

અરે સખી ...ન સમજી ને મારી વાત પામવું ..એટલે ખુશી થી ને છીનવવું એટલે નામરજી થી..આજ એવું જ કંઈક ક્ષણ માટે થયું .મારા એક મિત્ર ના જીવનમાં ઘણા જ ઉતાર ચઢાવ આવ્યા,દસકો સુખ તો દસકો દુઃખ જોયા પછી બે પૈસે એ સુખી થયા ત્યા તો એના નસીબ મા એક એવો પ્રસંગ આવ્યો કે એતો આસમાનમાં વિહરવા લાગ્યા.તેઓને આજ તીન પત્તી ની રમત મા જેકપોટ જ લાગી ગયો,હવે શુ કરવું ??? ઘણા વરસો પહેલા પત્ની એટલે કે મારી સખીએ એમને તીનપત્તી ન રમવાના સોગંદ આપ્યા હતા ને તેઓ તેમના સ્વભાવ પ્રમાણે છાનામાના એમને શોખ પૂરો કરી લેતા.આજ સવારથી મારી સખી બેચેન હતી ન સમજાય તેવી મુઝવણ મા ..તેણે બે થી ત્રણ વાર મને તત્ક્ષણ ઘરે આવીજા નો મેસેજ કર્યા ...પણ મારો ફોન આજે જ કામ નહોતો કરતો...પતિદેવ ને પણ તત્ક્ષણ બોલાવ્યા પણ તે ચૂકી ગયા...અહી તત્ક્ષણ મળેલી રકમ ઘરે કયા બહાને લઈ જવી?? હિંમત કરી પતિ દેવ પહોંચ્યા ઘરે પણ ...જુએ છે..તો મારી સખી લક્ષ્મી એ લક્ષ્મી જે તત્ક્ષણ મળી હતી જે અસ્તેયના પગે ચાલી ને આવી હતી તેના સ્વાગત માટે આ દુનિયા માંજ નહોતી રહિ....મારો ફોન રણક્યો ...તેના મેસેજ રણક્યા ને હુ તત્ક્ષણ મારૂ ઘર ...છોડી એના ઘર તરફ દોડી પણ...જીવનની એ દોડ મા "તત્ક્ષણ" માટે હુ મોડી પડી ગઈ...પતિદેવનુ તો અસત્ય થી પામેલી લક્ષ્મી પણ "તત્ક્ષણ" છીનવાઈ ગઈ..!!

જયશ્રી પટેલ (નિર્ણાયક શ્રી)

---

**NG/2**

અસ્તિત્વની ઓળખ

અસ્તિત્વને ઓળખવા માટે જ્ઞાનની જરૂર હોય છે .જ્ઞાન ત્રણ પ્રકારનાં હોય છે "આત્મજ્ઞાન, ગુરુજ્ઞાન અને બુદ્ધિજ્ઞાન," જયા રે વ્યકિતને આત્મજ્ઞાન મળી જાયછે ત્યારે તે પોતાનાં અસ્તિત્વને પણ ઓળખી લે છે .

જે વ્યકિતએ જીવન મા બહુ સંઘર્ષ કર્યો હોય એને ઓળખવા માટે આંખોની નહીં પણ અસ્તિત્વની જરૂર પડે છે . અસ્તિત્વ તો જન્મથી જ બંધાયેલું છે. વ્યકિતએ કરેલાં કર્મથી જ એનું અસ્તિત્વ ઓળખાય છે. સારી ઓળખ માટે સતકર્મ કરેલા હોવા જોઈએ અસ્તિત્વ એક ગરીબને પણ હોય છે ને કરોડપતિને પણ અને એના વિચારોથી એનું અસ્તિત્વ પ્રગટ થાય છે. અસ્તિત્વ એની જાતે નથી ઉભરાતું એમાં જાન નાખવો પડે છે . એનાં સંઘર્ષમય જીવનથી જ એનું અસ્તિત્વ ઊંભરે છે. અસ્તિત્વને ઓળખવા માટે યોગીઓએ બહુ તપ કર્યા , સંસાર છોડયા અને અસ્તિત્વ જયારે હાથમાં આવ્યું ત્યારે તેઓ યુગપુરૂષ બની ગયાં. એનાં અનેક ઉદાહરણ પણ છે , જેમકે અબ્દુલ કલામ,સ્વામી વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી, ડોંગરે મહારાજ વગેરે એમનાં જેવાં યોગીઓએ નામનાં મેળવી છે. જયારે કોઈ વ્યકિત યુગ પુરુષ બને છે ત્યાર પછી એને જે શાંતિ મળે છે એ રણમાં ગંગાજળ મળ્યા બરાબર છે. નહીંતર માનવી આખી જિંદગી મૃગજળ પાછળ દોટ મૂકે છે પણ પરિણામે શૂન્ય , હાથ હંમેશાં ખાલી આવું એક અસ્તિત્વ આપણાં ઘરમાં જ છે , આપણી પોતાની"માતા" , આપણી માતાએ કોઈપણ સ્વાર્થ વગર એક માળીની જેમ આપણું જતન કર્યુ , આનાં અસ્તિત્વની કદર કોને કરી? જો તમે એમ માનતાં હોય કે એની સેવા કરવાથી માતૃઋણ અદા થઈ જશે તો એ નરી મૂર્ખતા છે કારણ આ એક એવું ઋણ છે જે કદી ચૂકવી શકાતું નથી . કદાચ એનાં અસ્તિત્વને ઓળખશો તો તમને તમારું અસ્તિત્વ ઓળખાય જાય! જયાં સુધી તમે તમને પોતાને નહીં ઓળખો ત્યાં સુધી તમને તમારુ પ્રતિબિંબ અલગ લાગશે. તમને થશે મારું અસ્તિત્વ મારા પૂરતું જ સીમિત છે પણ જયારે ખુલ્લા આકાશમાં વિહરશો ત્યારે તમને તમારાં અસ્તિત્વનું ભાન થશે . રોજ રોજની આ દોડધામભરી જિંદગીમાં પોતાની જાત સાથે વધારે નહીં પણ માત્ર દસ મિનિટ બેસવાનું રાખશો ત્યા રે તમે શું કર્યુ એની દિનચર્યા તમારી આંખોની સમક્ષ હશે એમાં તમે શું ભૂલ કરી એ સમજાશે અને તેને સુધારવાનો મોકો પણ મળશે . આમ તો આપણે સમજીએ છીએ કે "માણસ માત્ર ભૂલને પાત્ર "તો આપણે કોઈ સારી ભૂલ કેમ કરતાં નથી? જેનાંથી બીજાનું દિલ ન દુભાય અને ખુશી મળે ! જયારે માનવી આવી સારી ભૂલો કરતાં શીખી જશે એજ એનું સાચું અસ્તિત્વ હશે અને મનુષ્ય તરીકેની સાચી ઓળખ હશે અને આ એજ ઈશ્વરે મનુષ્ય માટે બનાવેલું અસ્તિત્વ હશે! હે માનવ તું ઈશ્વર નહીં પણ મનુષ્ય બને તો પણ ઘણું છે અને ઈશ્વરે ચીંધેલા કાર્ય કરો તો પણ તમારાં જેવો ભાગ્યશાળી બીજું કોઈ નથી . માટે મિત્રો , તમે પણ તમારા આંતરમનને ઓળખીને સતકર્મ કરીને આગળ આવશો તો યુગપુરૂષ બનતાં તમને કોઈ રોકી નહીં શકે......

જીજ્ઞા કપુરિયા નિયતી (સંચાલક)

---

નોધ : વાંચક મિત્રો સાહિત્ય વિભાગ ની પ્રસ્તુતિ,પ્રસિદ્ધિ બાબતે પોતાના અભિપ્રાય,સૂચન તંત્રી શ્રી ને ઈમેલ કરી શકે છે અથવા ગ્રુપ એડમીન ને પણ જણાવી શકે છે.વોટ્સ અપ (9824653073)

Email : prdpraval42@gmail.com

### વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારીની પોતાની મનમાની

# કપરાડાના મોટામોઢા કેંદ્ર શાળાનો વહીવટી ચાર્જ આચાર્યને ના મળતા ફરિયાદ સામે સુનવણી

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મોટપોઢાની કેન્દ્ર શાળા માં આચાર્યને છેલ્લા પાંચ મહિના થઈ ગયા પછી પણ ચાર્જ ના આપતા ફરિયાદ કરતા નોટિસ આપી હતી.

હાલમાં ફરજ બજાવતા શિક્ષક અશોકભાઈ પોતાની મરજીથી અને સંઘ ના હોદ્દેદારો ની દાદાગીરી થી સ્કૂલમાં પાંચ મહિના થી હાજર થયેલા પ્રદિપભાઈ પટેલ ને ચાર્જ આપવામાં આવ્યો નથી.જે બાબતે તા-૨૦/૦૩/૨૦૨૦માં અરજી રજી.એ.ડી,કરી જાણ કરેલ તે અનુસંધાને પ્રદીપભાઇ શંકરભાઈ પટેલ કોઠાર કેંદ્ર શાળામાંથી વધ થતા તારીખ - 02/01/2020 ના HTAT વધ ઘટ કેમ્પમાં મોટાપોઢા કેંદ્ર શાળામાં હાજર થવા માટે હુકમ તારીખ ૦૩/૦૧/૨૦૨૦ ના રોજ શાળા સમય દરમિયાન મોટાપોઢા કેંદ્ર શાળા ખાતે હાજર થયેલ છે પરંતુ આજદિન સુધી શાળાનો સંપૂર્ણ ચાર્જ આપવામાં આવીયો નથી તેમજ શાળાનો ઓનલાઈન કામગીરીના પાસવર્ડ આપવામાં પણ આપવામાં આવ્યો નથી શાળાની વહીવટી કામગીરી અને ઓનલાઈન કામગીરી પાસવર્ડ વગર શક્ય નથી ,જે માટે અગાઉ અનેક રજૂઆતો કરવામાં હતી પરંતુ કોઈ ઉકેલ લાવવામાં શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી નથી જિલ્લા કક્ષાએ ત્રીજી વખત રજૂઆત કરાતા કપરાડા ઈન ચાર્જ TP ધનસુખભાઈ પટેલ દ્વારા સ્થળ તપાસ કરી અશોકભાઈ પટેલને તાત્કાલિક મુખ્ય શિક્ષક નો ચાર્જ પ્રર્દિપભાઈ પટેલને આપવા શાળા સ્ટાફની હાજરીમાં મૌખિક રીતે જણાવેલ.આ ઘટનાથી નારાજ થઈ અશોકભાઈ પટેલ જિલ્લા સંઘના હોદ્દેદાર અને એક તાલુકાના TPO સાથે મળી જિલ્લા પંચાયત શિક્ષણ શાખામાં જઈ અધિકારી સાથે મિટિંગ કરેલ,મિટિંગ સમયે એક કારકૂન અધિકારીની કેબિન મા જતા એને ખખડાવી નાંખી મિટીગનું સ્થળ તિથલ રોડ પર આવેલ જીજીછની કચેરીએ ખસેડવામાં આવેલ.જાણવા મળ્યા મુજબ એ મિટીંગ મા નોટીશ કઈ રીતે આપવામાં આવશે અને એનો જવાબ કઈ રીતે આપવો એની ચર્ચા થઈ ગયેલ હોવાનું જાણવા મળે છે વલસાડ જિલ્લાના ઈતિહાસમા પહેલીવાર HTAT આચાર્યનો ચાર્જ આપવા માટે જિલ્લા કક્ષાએ સમિતિ ની રચના કરવામાં આવી.સરકાર દ્વારા જે શાળામાં સંખ્યા વધારે હોઈ ત્યાં HTAT આચાર્ય ભરતી કરવામા આવે છે શરુઆત થી જ પોતાનું આચાર્ય પદના જાય તેના માટે મોટાપોઢા પ્રાથમિક શાળાના હાલના આચાર્ય દ્વારા પોતના મળતીયાઓ સાથે મળી સરકારી રેકર્ડમાં ચેડા કરવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યુ છે શાળાનો અને તાલુકા જિલ્લાની ઓફિસનો રેકોર્ડ તપાસવા મા આવે તો મોટું કૌભાંડ બહાર આવી શકે એમ છે.અને આવાં અનેક કારણોસર આચાર્યનો ચાર્જ છોડવાનો ઈન્કાર કરી વધ બદલીથી સરકારી નીતિ નિયમો મુજબ નવા નિમાયેલા HTAT આચાર્યને SMC, TPO , DPO તાલુકા સંઘ,જિલ્લા સંઘ,રાજય સંઘ ના નામે માનસિક દબાણ ઉભું કરવામાં આવી રહ્યુ છે.

જે અંગે ત્રીજી વખત લેખિત જાણ કરતા સંઘના હોદ્દેદારો ની ટીમ શિક્ષણ અધિકારી સાથે મળીને નોટિસ આપવામાં આવી છે એ નોટિસ નો જવાબ આપવા બાબત ટીમ દ્વારા જ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. હવે કેમ ભેદભાવની નિતિ અપનાવામાં આવી રહી છે. ચાર્જ ના આપવામાં પાછળ કયું કારણ હોઈ શકે ? હાલમાં પણ જિલ્લાના શિક્ષણ અધિકારીને નોટિસ ફટકારી સુનવણી કેમ કરવાની જરૂર પડી છે ? જિલ્લામાં ૧૦૦ આચાર્ય ના ઓર્ડર આપવામાં આવ્યા હોય બધાજ ચાર્જ ના આપે તો જિલ્લા શિક્ષણ અધિકારીને સુનવણી કરવાની હોય કે વલસાડ જિલ્લાના શિક્ષણ અધિકારી અને સંઘની મનમાની સામે વલસાડ જિલ્લામાં શિક્ષકો માં ચર્ચાની વિષય બન્યો છે.

હાલમાં મોટા પોઢા પ્રાથમિક શાળાના શિક્ષક પ્રદિપભાઇ શંકરભાઇ પટેલ દ્વારા હાલ લોકડાઉન ચાલતું હોય રૂબરૂ કે પોસ્ટ મારફત અરજી મોકલાવી શકાય તેમ નથી. વોટ્સેપ અરજી વહીવટી તંત્રને મોકલાવ આવી હતી જે બાબતે જિલ્લા શિક્ષણ અધિકારીએ નોટીસ આપવાની હોય કે કાયદેસર કાર્યવાહી કરવા ની હોય હાલમાં યેનકેન પ્રકારે જવાબદાર શિક્ષક તરીકે હાલમાં આચાર્ય નો ચાર્જ અશોકભાઈ પટેલને બચાવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે.મુખ્ય કારણ કપરાડા તાલુકાના શિક્ષકોની જે સર્વિસ બુક બાબતે તમામ પ્રકારની કામગીરી એના હાથ હોય અને લાખ્ખો રૂપિયા નું જે સંઘ મારફત ઉઘરાણી કરવામાં આવી છે એમાં પ્રમુખ અને મહામંત્રી સાથે સામેલ હોવાનું જાણવા મળ્યું છે.મોટાપોઢા ગ્રામજનોએ જણાવ્યું મીડિયા સમાચારો આવે છે. કે પ્રદીપ પટેલ જે લાયકાત ધરાવે છે. એને અનેક રીતે હેરાન કરવામાં આવે છે એને આચાર્ય નો ચાર્જ આપવામાં આવે એવી માંગ છેજિલ્લા શિક્ષણ અધિકારી વાય. એચ.પટેલ ટેલિફોન વાતચીત જણાવ્યું કે નોટિસ આપી છે ચાર્જ ના આપે તે બાબતે સુનવણી કરી સાંભળી ને રૂબરૂ બોલાવી એક્શન લેવામાં આવશે ૧૦ દિવસ પછી ની તારીખ નક્કી કરવામાં આવી છે

### હરીજ મામલતદાર કચેરી માં

# પિટિશન રાઈટર સોશિયલ દિશ્ટેન્સ ધજાગરા ઉડાડતા હોય તેવું જોવા મળી રહ્યું છે



પાટણ જિલ્લામાં કોરોના મા કોરોના નો અંક ૨૦૦ નેપાર થવા આવ્યું છે ત્યારે સરકાર દ્વારા વિદ્યાર્થીઓને આવક અને જાતિના દાખલા માટે પડી રહેલી મુશ્કેલીઓને ધ્યાને લેતા માત્ર વિદ્યાર્થીઓ માટે આવક જાતિના દાખલા કાઢવા માટેની છૂટ આપવામાં આવી છે ત્યારે હરીજ મામલતદાર કચેરી માં પિટિશન રાઈટર સોશિયલ દિશ્ટેન્સ ધજાગરા ઉડાડતા હોય તેવું જોવા મળી રહ્યું છે

હારીજના પિટિશન રાઈટર મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં બેસતા હતા અને હારીજ મામલતદાર દ્વારા મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં બેસતા હતા પરંતુ કોરોનાની મહામારી ના કારણે કચેરીના એ ટી વી ટી કમ્પાઉન્ડમાં બેસવા દેવાની હારીજ મામલતદાર દ્વારા પરમિશન નથી ત્યારે પિટિશન રાઈટર પોતાની મનમાની ચલાવી હારીજ લોહાણા વાડી પાસે ચામુંડા ઝેરોક્ષ ની દુકાનમાં અને દુકાન ના ગેટ માં બેશી સોશિયલ ક્ષ્ૈજંટ્ઠહષ્ઠી ના ધજાગરા ઉડાડી રહ્યા છે જ્યારે અમદાવાદ પાટણમાં પણ કોરોના કેસો વધી રહ્યા છે ત્યારે પાટણ બાદ હવે હારિજમાં પણ વધુ કોરોના નો આ પગ પેસારો થાય એવો લોકો માં ભય સતાવી રહ્યો છે એક દુકાન પર અરજી લખાવનાર અરજદાર ના ટોળા જોવા મળી રહે છે.ધ્રુવ દવે. સિદ્ધપુર

### અરવલ્લીમાં દેશી ગાય આધારીત સંપૂર્ણ

# પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ પેટે રૂ. ૯૦૦ દર માસે સહાય આપવામાં આવશે

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાને પ્રાકૃતિક ખેતીને વેગ મળે તે હેતુથી દેશી ગાય આધારીત સંપુર્ણ ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ પેટે સહાય આપવાની યોજના એક દેશી ગાય માટે નિભાવ ખર્ચ રૂ. ૯૦૦ પ્રતિ માસના દરે રૂ.૧૦૮૦૦ ની વાર્ષિક મર્યાદામાં સહાય આપવાની યોજના હેઠળ લાભ લેવા માંગતા ખેડૂત લાભાર્થીની પાત્રતામાં અરજદાર ખેડૂત અરજીના સમયે આઈડેન્ટીફીકેશન ટેગ સહિતની એક દેશી ગાય ધરાવતા હોવા જોઈએ અને તેના છાણ મુત્રથી પ્રાકૃતિક ખેતી કરતા હોવા જોઈએ જમીનના એક ખાતા એટલે કે નમૂના નં.૮-અ મુજબ કોઇ એક જ લાભાર્થીને આ સહાય મળવા પાત્ર થશે. અરજદાર ખેડૂતે પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોવી જોઇએ, દેશી ગાય સિવાય અન?ય કોઈપણ પ્રકારની જાતોની ગાયોને લાભ મળવા પાત્ર નથી. વાછરડાને ગાય તરીકે ગણાશે નહી. દેશી ગાય આધારીત સંપુર્ણ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારૂ લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિ કીટમાં ૭૫ ટકા સહાયની યોજના હેઠળ લાભ લેવા માંગતા ખેડૂત લાભાર્થીની પાત્રતામાં દેશી ગાય આધારીત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રાથમિકતા આપવાની થાય છે ત્યારબાદ અન્ય ખેડૂતોને લાભ આપી શકાશે. અન્ય લાભાર્થી ખેડૂતોએ યોજનાનો લાભ મેળવ્યા બાદ જીવામૃત બનાવી પ્રાકૃતિક ખેતી કરવાની રહેશે. જમીનના એક ખાતા એટલે કે નમૂના નં. ૮-અ મુજબ કોઇ એક જ લાભાર્થીને સહાય મળશે તથા ખેડૂતે પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોવીએ. અરજી કરવા માટે ખેડૂતોએ આઇ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરીને અરજદારે તેની પ્રિન?ટઆઉટ મેળવી તેના ઉપર સહી /અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો જેવા કે ૮-અ ની નકલ,સંયુકત ખાતેદાર હોય તો અન્ય ખાતેદારની સંમતિપત્રક, બેંક પાસબુકની નકલ /રદ કરેલ ચેક સાથે જે તે સેજામાં ગ્રામ સેવક /એટીએમ /બીટીએમ / આત્મા કચેરીને રજૂ કરવા પ્રોજેકટ ડાયરેકટર આત્મા-અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.

# મોડાસા જાયન્ટ્સ ગ્રુપે ડોક્ટર ડે ના દિવસે કોરોના વોરિયર્સનું સન્માન કરી પ્રોત્સાહિત કર્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા




કોરોના મહામારીએ સમગ્ર વિશ્વમાં કહેર મચાવ્યો છે કોરોના ગ્રસ્ત દર્દીઓ સાથે દુર્વ્યવહાર થતો હોવાની અનેક ઘટનાઓ બની રહી છે લોકો કોરોના પોઝેટીવ દર્દીના પરિવાર સાથે પણ અંતર જાળવતા હોય છે ત્યારે કોરોના પોઝેટીવ અને તેમના સંપર્કમા આવેલા પરિવારજનો અને લોકોની પોતાના પરિવારની ચિંતા કર્યા વગર તબીબો અને આરોગ્ય કર્મીઓ ફરજ બજાવી રહ્યા છે મોડાસા શહેરમાં કોરોના દર્દીઓ સતત વધી રહ્યા છે જેમને મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવે છે મોડાસા શહેરમાં ડૉક્ટર ડેના દિવસે કોવીડ હોસ્પિટલના ઈન્ચાર્જ તબીબ ડૉ.યજ્ઞેશ નાયક સહીત કોરોનામાં લોકોની મદદ કરી રહેલા કોરોના વોરિયર્સનું જાયન્ટ્સ મોડાસા ગ્રુપ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. જાયન્ટસ ગ્રુપ મોડાસા દ્વારા શ્રી વી એસ શાહ પ્રા.શાળા ના હોલમાં સરકારની ગાઈડલાઈન્સ મુજબ કોરોના વોરિયર્સનો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં કોરોના ના દર્દીઓ સાથે કામ કરતાં તબીબોનું સન્માન કરવામાં આવ્યું હતું અરવલ્લીના મોડાસામાં ઉભી કરાયેલ કોવીડ હોસ્પિટલ ઈન્ચાર્જ ડૉ.યજ્ઞેશ નાયક,સીડીએચઓ ડૉ.અમરનાથ વર્મા, ડૉ. જીજ્ઞા જયસ્વાલ તેમજ વેટરનરી ડોક્ટર રાકેશ જોષી નું સન્માન કરવામાં આવ્યું હતું કોરોના અંગે જનજાગૃતિ કરનાર સમાજસેવી પ્રવીણ પરમાર, મોહાદિસે આજમ નામની સંસ્થા અને તેમના સદસ્ય તારિક બાંડી, અશોક રાઠોડ, જાયન્ટ્સ મોડાસાના રાકેશ પટેલ ,જય અમીન નું સન્માન જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન ના ઉપ પ્રમુખ નીલેશ જોષી, મોડાસા પ્રમુખ નરેન્દ્ર પટેલ શ્રીનાથ કો.ઓ.બેન્ક ના ચેરમેન સુરેન્દ્ર શાહ, મુકુન્દ શાહ અમિત કવિ અને જાયન્ટ્સના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું

### કોરોના સંક્રમણ અટકાવવા

# સિદ્ધપુર એપીએમસી શાકમાર્કેટને ૫ જુલાઈ સુધી બંધ રાખવાનો નિર્ણય કરાયો

ધ્રુવ દવે સિદ્ધપુર

પાટણ જિલ્લાના કોરોના એ.પી.સેન્ટર બનેલા સિદ્ધપુર શહેરમાં ઉપરાંત તાલુકામાં આ મહામારીએ માથુ ઉંચક્યુ છે.હાલ સિદ્ધપુર શહેરમાં પાંચ જેટલાં કેસ એકટિવ છે જ્યારે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨ કેસ એકટિવ છે.આથી સંક્રમણને અટકાવવા સિદ્ધપુર એપીએમસી સ્થિત શાકમાર્કેટ આગામી ૫મી જુલાઈ સુધી સદંતર બંધ રાખવાનો વેપારી એશોશિયેશને આવકાદાયી નિર્ણય કર્યો છે.કોરોના મહામારી વચ્ચે જીવવા ટેવ પાડવા ભારત સરકારે ગત ૧લી જૂન થી અનલોક-૧ જાહેર કરી કેટલીક છૂટછાટ આપી હતી પરંતુ જે ગાઈડલાઈનનાં ચુસ્ત અમલ સાથે આ છૂટછાટ અપાઈ છે તેનો અમલ કરવામાં ક્યાંક આમ પ્રજા લાપરવાહ છે તો કડક અમલ કરાવવામાં વહીવટી તંત્ર ઊણુ ઉતરી રહ્યુ છે. આથી અત્યાર સુધીમાં સિદ્ધપુર તાલુકામાં જ કોરોના કેસની સંખ્યા ૨૦ ઉપર પહોંચી જવા પામી છે.જેથી શાકમાર્કેટમાં આવવાથી તાલુકાનાં વધુ લોકો સંક્રમિત ના થાય તે માટે શાકમાર્કેટ વેપારી ઓએ આગામી ૫મી જુલાઈને રવિવાર સુધી શાકમાર્કેટ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

### ૪ પોલીસકર્મીની મહેસાણા ખાતે હાજર થવા આદેશ

# અરવલ્લી એસપીએ ૪ પોલીસ કોન્સ્ટેબલની જીલ્લા બહાર બદલી કરતા પોલીસબેડામાં ખળભળાટ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલ દ્વારા સતત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની જીલ્લામાં અરસ-પરસ બદલીનો ગંજીફો છીપી રહ્યા છે લોકડાઉન અનલોક બાદ જીલ્લામાં ફરજ બજાવતા ૪ પોલીસ કર્મચારીઓની જીલ્લા ફેર બદલી કરી મહેસાણા મોકલી આપવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે જીલ્લામા અનેક પોલીસકર્મીઓ અમુક ખાતામાં અને પોલીસ સ્ટેશનમાં વર્ષોથી એકનેક જગ્યાએ ફરજ બજાવી રહ્યા હોવાથી તેમનો દબદબો જોવા મળી રહ્યો છે ત્યારે જીલ્લા પોલીસતંત્રમાં દબદબો ધરાવતા ૪ પોલીસ કર્મિઓની જિલ્લા ફેર બદલી કરી દેવામાં આવતાં કહી ખુશી કહી ગમ જોવા મળ્યો હતો પરંતુ અમુક મહત્વની શાખાઓમાં વર્ષો વર્ષથી એકજ જગ્યાએ ફરજ બજાવતા પોલીસ કર્મીઓની બદલી કરવામાં ન આવતા ચર્ચાનો વિષય બન્યો છે. અરવલ્લી જીલ્લા એસપી મયુર પાટીલે જીલ્લામાં ફરજ બજાવતા ૧) કીર્તિ કુમાર અળખાજી,૨) નાનજીભાઈ સવજીભાઈ, ૩) રાજેન્દ્રકુમાર સવજીભાઈ અને ૪)વીરભદ્રસિંહ પદમસિંહ નામના પોલીસકર્મીઓની જાહેરહિતમાં જીલ્લા બહાર મહેસાણા ખાતે બદલી કરવામાં આવતાં પોલીસબેડામાં દબદબો ધરાવતા પોલીસકર્મીઓના પેટમાં તેલ રેડાયું છે અરવલ્લી પોલીસતંત્રમાં છેલ્લા કેટલાક વર્ષોથી અમુક પોલીસ કર્મીઓ અણનમ ગણાતા હતા તેમની ગમે તે કારણે બદલી થતી નહોતી અને જો બદલી થાય તો પણ પ્રતિનિયુક્તિ ઉપર કે અન્ય રીતે તેઓ પરત આ જ શાખામાં આવી જતા હોવાથી પોલીસકર્મીઓમાં જેને લઈ છૂપો રોષ જોવા મળી રહ્યો હતો ત્યારે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં ચાર્જ સાંભળતાની સાથે પોલિસકર્મીઓની બદલીઓનો સતત ગંજીફો છીપી વર્ષોથી એક જ પોલીસ સ્ટેશન કે શખામાં ફરજ બજાવતા કર્મીઓની બદલીઓ કરવાની શરુ કરતા પોલીસતંત્રમાં ભારે ઉલટફેર જોવા મળી રહ્યો છે

# વલસાડ જિલ્લા કલેક્ટરને એલ. આર. ડી. મહિલા ઉમેદવારો આપ્યું આવેદનપત્ર



સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લા માંથી એલ.આર.ડી મહિલા ઉમેદવારો ની પસંદગી થઈ ગઈ હોવા છતાંય આજદિન સુધી ભરતી ના કરવામાં આવતા મહિલા ઉમેદવારો એ જિલ્લા કલેક્ટર ને આવેદનપત્ર પાઠવ્યું.. છેલ્લા ઘણા સમયથી ન્ઇઢ માં બહેનોની ભરતી ને લઈ વિવાદ ચાલી રહયો છે તો આ વિવાદ ને લઈ ગાંધીનગર ખાતે ૭૨ દિવસ નું આંદોલન પણ કરવામાં આવ્યા હતું સરકારે આ ૭૨ દિવસ ના આંદોલન ને આશ્વાસન આપી શાંત પાડ્યું હતું પરંતુ સરકાર દ્વારા આશ્વાસન અપાયા બાદ કોઈ પણ પ્રકાર ના પગલાં ઓ તથા ન્ઇઢ માં બહેનોની ભરતી ન કરતા આજ રોજ બહેનો દ્વારા વલસાડ જિલ્લા કલકેટર ને આવેદન પત્ર આપી સરકાર પાસે માંગ કરી હતી કે એમને LRD માં ભરતી કરવામાં આવે જો સરકાર દ્વારા માંગ ન પુરી કરવામાં આવે તો આગામી દિવસો માં ફરી આંદોલન કરવાં ની ચીમકી પણ આપી હતી

# કોરોના વાયરસ (COVID-19) સંક્રમણ અટકાવવા પોલીસની કડક કાર્યવાહી

લીંબડી આવો તો માસ્ક પહેરીને આવજો કારણ કેઃએક એક જ દિવસ માં લીબડી પોલીસ તેમજ લીંબડી મામલતદાર ના સંયુક્ત ઉપક્રમે માત્ર બે કલાક માજ ૬૦ લોકો પાસેથી ૧૨૦૦૦/- હજાર નો દંડ વસુલ કર્યો



હાલ સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારી ફેલાયેલ છે જેનું સંક્રમણ અટકાવવા માટે સરકાર દ્વારા નાગરિકોના હિતમાં માસ્ક પહેરવા અને જાહેરમાં નહી થુંકવા માટેનો નિયમ બનાવવામાં આવેલ છે.જેથી કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે સરકારના નિયમનું ચુસ્તપણે પાલન કરાવવા માટે સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ અધિક્ષક મહેન્દ્રકુમાર બગડીયા એ સુચના આપેલ હોય જેથી લીંબડી મામલતદાર મહાવીરસિંહ ઝાલા તેમજ લીંબડી પોલીસ તેમજ લીંબડી નાયબ પોલીસ અધિક્ષક ડી.બી.બસિયા ના માર્ગદર્શન હેઠળ લીંબડી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સંજય વરૂ તથા ર લીંબડી પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસોએ આજે જાહેરમાં માસ્ક નહીં પહેરી નિયમનો ભંગ કરનાર ૬૦ લોકો વિરુધ્ધ કડક કાર્યવાહી કરી રૂ.૧૨,૦૦૦/- નો દંડ વસુલવામાં આવ્યો હતો.જ્યારે લીંબડી પોલીસ વિસ્તાર માં જાહેર જનતાને અપીલ કરે છે કે લીંબડી ની જનતાને સરકાર દ્વારા કોરોના મહામારીને નાથવા માટે અને નાગરિકોને કોઇ મુશ્કેલી ના પડે એટલા માટે નિયમોનું પાલન કરવાની શરતે જે છુટછાટ આપવામાં આવેલ છે એ તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરી કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટેની તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં સહકાર આપી જાહેરનામાનો અમલ કરવા અપીલ કરવામાં આવે છે અને જાહેર સ્થળોએ હંમેશા પોતાનું મોં અને નાક ઢંકાય જાય તે રીતે માસ્ક પહેરી રાખો અને જાહેરમાં ગમે ત્યાં થુંકીને નિયમનો ભંગ કરવો નહી અને નિયમનો ભંગ કરનારની વિરુધ્ધ સરકારના આદેશ અનુસાર ધોરણસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

રિપોર્ટર
દિપકસિંહ વાઘેલા લીબડી

# નવનિર્માણ વિદ્યાલય રાધનપુરનું પ્રેરણાદાયી કાર્ય

અંગે શાળાના જયરાજસિંહ જણાવ્યા પ્રમાણે કોરોના મહામારી ને કારણે વાલીઓની આર્થિક ને ધ્યાને રાખી વિદ્યાર્થીઓની ફી માફ કરી છે ને હજી સ્થિતિ નહી સુધરે તો બીજા ત્રણ માસની ફી માફ કરવાની પણ ટ્રસ્ટી મંડળની તૈયારી છે.રાધનપુર ખાતે આવેલ નવનિર્માણ વિદ્યા મંદિર રાધનપુર માં ધોરણ ૧ થી ૧૨ સુધીમાં કુલ ૬૦૦ જેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે કોરોના મહામારી ની સ્થિતિમાં શાળાના શિક્ષકો દ્વારા બાળકોને ઘેર બેઠા ઓનલાઇન અભ્યાસની વ્યવસ્થા કરવામાં આવી છે આવી સ્થિતિમાં વાલીઓની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી શાળાના સંચાલક જયરાજસિંહ નાડોદા તથા ટ્રસ્ટી મંડળ દ્વારા વાલીઓને સામેથી બોલાવી મિટિંગ કરી વાલીઓની લાગણી ને ધ્યાનમાં રાખી જૂન જુલાઈ અને ઓગસ્ટ એમ ત્રણ માસની ૬૦૦ વિદ્યાર્થીઓ ની સરેરાશ ૨૫૦૦રૂપિયા લેખે કુલ૧૫ લાખ ઉપરાંતની ફી માફ કરી અન્ય સ્કૂલો માટે પ્રેરણાદાયી કાર્ય કર્યું છે.

આ અંગે શાળાના જયરાજસિંહ જણાવ્યા પ્રમાણે કોરોના મહામારી ને કારણે વાલીઓની આર્થિક ને ધ્યાને રાખી વિદ્યાર્થીઓની ફી માફ કરી છે ને હજી સ્થિતિ નહી સુધરે તો બીજા ત્રણ માસની ફી માફ કરવાની પણ ટ્રસ્ટી મંડળની તૈયારી છે. શાળાના ૬૦૦ વિદ્યાર્થીઓની ૧૫ લાખ રૂપિયા જેટલી ત્રિમાસિક ફી માફ કરી.(ધ્રુવ દવે.સિદ્ધપુર)

# માણાવદર તાલુકા ના બાંટવા ગામે વધુ બે કોરોના પોઝિટિવ કેસો આવ્યા

માણાવદર શહેરમાં ગઈકાલે બાંટવા રોડ ઉપર એક મહિલા નો કોરોના પોઝિટિવ રીપોર્ટ આવ્યો તો તો ફરી આજે માણાવદર તાલુકા ના બાંટવા શહેરમાં સોમનાથ સોસાયટીમા બે કોરોના પોઝિટિવ રીપોર્ટ જાહેર થતા સમગ્ર તાલુકા મા ચિંતાની લાગણી પ્રસરી છે અગાઉ જે પુરૂષ દર્દી નો કોરોના હતો તેનાજ પત્ની રમાબેન માંડણભાઈ મકવાણા ઉ.વ. ૬૪ તથા દિકરી ઈલાબેન કિરીટભાઈ રાઠોડ ઉ.વ. ૩૫ ને કોરોના પોઝિટિવ આવ્યો હોવાનું માણાવદર બ્લોક હેલ્થ ઓફિસર શિલ્પાબેન જાવિયા એ જણાવ્યું હતું જેથી માણાવદર તાલુકામાં છ કેસ થયા

અહેવાલ- જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.